Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૬ · અંક : ૪૫ · તા.૦૨ થી ૦૮ નવેમ્બર ૧૩ · વાર્ષિક લવાજમ ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14



## આર્થિક પત્રકારત્વ ક્ષેત્રે ઊંચું સ્થાન પ્રાપ્ત કરનારા ખ્યાતિ ધરમશી



ડી. એન.એ. મની અને ધી ઈકોનોમિક ટાઈમ્સ સાથે જોડાઈ આર્થિક પત્રકારત્વ ક્ષેત્રે બેસ્ટ બિજનેસ સ્ટોરીના રનર અપ થઈ ધી રેડ ઈંક એવોર્ડ ફોર એકસલન્સ ઈન ઈંડિયન જર્નાલિઝમ - ૨૦૧૩ મેળવવા સુધીની સિધ્ધી મેળવનારા ખ્યાતિ ધરમશી એક બહુમુખી પ્રતિભા છે.

ખ્યાતિ ધરમશીએ વર્ષ ૨૦૦૨માં ઔરંગાબાદની દેવગિરી કોલેજમાંથી એચ.એચ.સી. કરી, વર્ષ ૨૦૦૪ માર્ચમાં મુંબઈની સર જે.જે. ઈન્સ્ટીટયુટ ઓફ એપ્લાઈડ આર્ટસમાંથી ફોટોગ્રાફીની તાલીમ પૂરી કરી તેમજ વર્ષ ૨૦૦૫ માર્ચમાં મુંબઈ યુનિવર્સિટીમાંથી બેચલર ઓફ માસ મીડીયા (બી.એમ.એમ)ની ડીગ્રી મેળવી. વર્ષ ૨૦૦૬ના માર્ચમાં મલયાલમ મનોરમા સ્કુલ ઓફ કમ્યુનિકેશનમાંથી પ્રીન્ટ મીડીયામાં પોસ્ટ ગ્રેજ્યુએશનની ડીગ્રી મેળવી.

નવાઈની વાત એ છે કે ફાઈનાન્સ સંબંધે સીધું કોઈ શિક્ષણ ન હોવા છતાં શ્રેષ્ઠ બિજનેસ એડીટરમાંથી

## લશ્કરના મોરચે મહિલા માટે ઉજ્જવળ કારકીર્દી બનાવવાનું શક્ય નથી એવું લાગતા એજ જુસ્સાથી ટી.વી.જર્નાલીસ્ટ રૂપે સ્ટીંગ ઑપરેશનમાં અનેક વીરતાચક્ર મેળવનારા ઉર્વશી લીલા સનત ખોના



બધા ઓસવાલ જૈનો મૂળ રજપૂતોમાંથી ઉતરી આવ્યા છે, એ ઈતિહાસ સિધ્ધ હકીકત છે. પણ, કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિની કોઈ મહિલા આજના જમાનામાં લશ્કરના મોરચે લડવા નહીં મળે પણ ડોક્ટર તરીકે મોરચા પર સેવા કરવા મળશે એવું વિચારે તો નવાઈ લાગે.

આવી તો ઘણી નવાઈ પોતાના સાથે પિતા સનતભાઈનું નામ જોડવા ઉપરાંત માતા લીલાબેનનું નામ પણ જોડવાના આગ્રહી ટી.વી જર્નાલીઝમમાં સ્ટીંગ ઓપરેશન માસ્ટર તરીકે પ્રખ્યાત ઉર્વશી લીલા સનત ખોનાના વ્યક્તિત્વ અને જીવનમાં છે.

ઉર્વશીએ વી.જી.વઝે કોલેજમાં ભણી બેચલર્સ ઈન માસ મીડીયાની (બી.એમ.એમ.)ની ડીગ્રી મેળવી. ટીવી. જર્નાલિસ્ટ તરીકે કારકિર્દી ઘડવા માત્ર ભણતર જ



ક.દ.ઓ. પ્રકાશના પ્રારંભકર્તાઓએ વાવેલ નારી - પત્રકારત્વ ના બીજમાંથીહવે જ્ઞાતિનું ગૌરવ વધારે તેવા દુર્લભ ફૂલ ખીલી રહ્યાં છે.

પ્રસ્તાવિક અને બાકીનું અનુસંધાન છઠે પાને












## ૪૦ વર્ષની ઉજ્વળ કારકિર્દી પછી નિવૃત્ત થયલા મુલચંદ કે. શાહ સમાજસેવા માટે સમય ફાળવશે



શ્રી મુલચંદ કે શાહ હિંદુસ્થાન પેટ્રોલીયમ કોરપોરેશન, નાવારણ એન્ડ ગ્લોબલ ફોરચ્યુન ૫૦૦ કમ્પનીમાં તેલ રિફાઈનીંગ તથા માર્કેટીંગની ૪૦વર્ષ કારકિર્દી પછી તાજેતરમાં નિવૃત્ત થયા. છેલ્લે તેઓ ચીફ મેનેજર હતા. તેઓ મલ્ટીનેશનલ કમ્પનીમાં જોડાય, ઉચ્ચ હોદ્દો પ્રાપ્ત કરનારા સંભવત પ્રથમ જ્ઞાતિજન છે.

નિવૃત્તી વિદાયમાન પ્રસંગે મુલચંદભાઈનું ફુલગુચ્છ અને મોમેન્ટોથી સન્માન કરતા કમ્પનીના ચેઅરમેન અને મેનેજીંગ ડીરેક્ટર શ્રી સુબીર રોય ચૌધરી એ તેમના યોગદાનની ભારોભાર પ્રશંસા કરી.

મુલચંદભાઈ કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના મેડીકલ ટ્રસ્ટના ટ્રસ્ટી છે અને તેમણે જ્ઞાતિના પરિવારોને રૂપીયા ૭ કરોડનું મેડિકલ વિમાછત્ર અપાવવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

તેઓ મુલુન્ડમાં ધર્મપત્ની વિજયાબેન તથા પૌત્ર - પૌત્રી સાથે રહે છે. તેઓ નિવૃત્તિ પછી પોતાનો સમય તથા ફાઈનાન્સ અને મેનેજરીયલ અનુભવ જ્ઞાતિને ચરણે ધરવા ઈચ્છે છે.



## નિર્મલ નજરે

### કચ્છી ઊંટ





ફોટોગ્રાફર : નિર્મલ દંડને પ્રવાસનો શોખ છે, તેઓ પ્રકાશ સમીક્ષાના વાચકાને કેમેરાની નજરે વિવિધતાનો સાક્ષાત્કાર કરાવશે




Instant Journey
We look before you leap...

SPECIAL OFFER

**6 NIGHTS/7 DAYS KERALA HOLIDAY EXPERIENCE for INR 18500* only!**

| COCHIN | MUNNAR | THEKKADY | KUMARAKOM | MARARI |
|---|---|---|---|---|
| 1 NIGHT | 2NIGHTS | 1 NIGHT | 1 NIGHT | 1 NIGHT |

kerala
God's Own Country

Holiday Package Includes: •Welcome drink on arrival •Accommodation in deluxe room
•Bed tea/coffee •Breakfast •Use of swimming pool and health club(wherever available)
•All applicable taxes •All transfers and sightseeing (as per itinerary) by private car
*Conditions apply. Subject to availability. Rates valid for travel between 1st October 2013 to 31st March 2014

We also have attractive offers for:
Goa, Rajasthan, Uttaranchal & Karnataka, Srilanka, Thailand, Malaysia, Singapore, Dubai and many more....



માત્ર રૂા. ૧૮૫૦૦* માં કેરલામાં રજાગાળવાનો ૬ રાત્રી ૭ દિવસનો અનુભવ
કોચીન (૧ રાત), મુન્નાર (૨ રાત), ઠેકડી (૧ રાત), કુમારકોમ (૧ રાત), મરારી (૧ રાત)
હોલીડે પેકેજમાં આ ચીજાનો સમાવેશ છે : આગમન પર વેલકમ ડ્રિંક • ડીલકસ રૂમમાં રહેવાનું
બેડટી - કોફી - નાસ્તો • શક્ય હોય ત્યા સ્વીમીંગ પુલ અને હેલ્થ ક્લબનો ઉપયોગ
નક્કી કરેલા સ્થળોએ પ્રાઈવેટ કારમાં જોવાલાયક સ્થળો તથા હેરફેર • બધા ટેક્ષ
* શરતોને તથા ઉપલ્બધતાને આધિન ૧ લી ઓકટોબર ૨૦૧૩ થી ૩૧મી માર્ચ ૨૦૧૪
ગોવા, રાજસ્થાન, ઉત્તરાંચલ અને કર્ણાટકા તેમજ
શ્રીલંકા, થાઈલેન્ડ, મલેશિયા, સિંગાપોર, દુબઈ તથા અન્ય ટુરની અમારી આકર્ષક ઓફરો ઉપલબ્ધ

Instant Journey Pvt. Ltd, No: 5, 1st Floor, Sathya Narayana Krupa, Lakshmamma Layout, Nagashettyhalli, Bangalore.560 094
Mobile: +91 9972 597 407 Land Line: +91 80 65 360 440, sales@instantjourney.com / www.instantjourney.com

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
વ્યવસ્થાપક :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 45/2013**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## તંત્રી સમીપે

# નવા વરસની ઉઘડતી ક્ષિતિજોનો વ્યાપ વિસ્તારીએ...



**નવા વરસનો** આરંભ થઈ રહ્યો છે. ત્યારે ગત વર્ષની જ્ઞાતિ પ્રવૃત્તિઓનાં લેખાં જોખાં કરવાનો શિરસ્તો પાળવાને બદલે ઉઘડી રહેલી કે ઉઘડતી દેખાતી ક્ષિતિજોને પ્રમાણિકપણે આશાવાદથી નિહાળીએ તો તે ઉપક્રમ સર્વથા યોગ્ય ગણી શકાય તેવો માહોલ હાલ જ્ઞાતિમાં વર્તાઈ રહ્યો છે.

વીતેલા વર્ષની ગતિવિધિઓ જે પણ પાદચિહ્નો મૂક્તી ગઈ છે તેને પાછા વળીને જોવામાં હર્ષ - આનંદની સાથે સાથે વ્યથા કે કડવાશની સમૃત્તિઓ પણ ઉભરે તે સ્વભાવિક છે. એટલેજ, પાછળ રહી ગયેલાં પગલાંઓની નિશાનીઓનું તટસ્થ ભાવે નિરીક્ષણ કરીએ તેમજ તેમાંથી વસ્તુલક્ષી બોધપાઠ લઈએ અને સામી ક્ષિતિજો પર મીટ માંડીએ તો જ જ્ઞાતિના વિશાળ ફલક પર આજે જેની તાતી જરૂર છે તે સમાવિષ્ટતા અને એકસુત્રતા સહજ બને.

આ સાથે જ, આગામી વર્ષ સમસ્તમહાજનશ્રી સહિત જ્ઞાતિના સર્વ મહાજનો, ટ્રસ્ટો અને અગેવાનો અધિકારીઓ અને ટ્રસ્ટીઓ માટે કસોટીરૂપ પૂરવાર થશે એવા સંકેતો આ ક્ષિતિજોનો પહેલો ઉઘાડ આપી રહ્યો છે તેની ગંભીરતા સમજીએ.

આશા રાખીએ કે સ્થાનિક મહાજનો કે ટ્રસ્ટોના જ્ઞાતિકર્મીઓ પોતપોતાની સંસ્થાઓના કાર્યક્ષેત્રના દાયરામાં જ રહીને સંકુચીત કે સીમિત વિચારસરણી રાખવાને બદલે અન્ય મહાજનો અને ટ્રસ્ટો સાથે સંવાદસેતુ રચીને જ્ઞાતિના વિશાલ હિતના દષ્ટિકોણથી આર્થિક અને અન્ય સ્રોતોના આદાન પ્રધાનની ભુમિકા ઊભી કરશે.

સૌ જ્ઞાતિજનો શ્રધ્ધા રાખે કે જ્ઞાતિ પ્રત્યે સંપૂર્ણ પારદર્શી અભિગમ અપનાવી અન્યોન્ય સાથે સંકલનાત્મક શૈલિમાં કાર્ય કરવાનો અભિગમ અપનાવી આ કસોટીને એક બહુમુલ્ય તકમાં પરિવર્તીત કરવા સર્વ મહાજનો, એકમો અને ટ્રસ્ટોના સૌ જ્ઞાતિકર્મીઓ વર્ષના પ્રારંભથી જ પ્રતિબધ્ધ બનશે અને આ ક્ષિતિજોને ઉમંગ - ઉલ્લાસના વાતવારણમાં ઊંચે સુધી વિસ્તરશે. **- રા.**

**ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષાની ઈ-મેલ આય.ડી બદલાય છે હવેથી ઈ-મેલ** kdoprakash@gmail.com **પર મોકલાવા.**
Please Note New Email ID of C.D.O. Prakash Samiksha : Email : kdoprakash@gmail.com

**ભુલ સુધાર :** અંક ૪૪ના પહેલા કવર પર છપાયેલી કેપ્શનમા રુમ દાતા માતુશ્રી રાજબાઈ પદમશી મોતાનું સન્માન અને ઓફીસ દાતા મીનાબેન સતીશભાઈ, મોતીચંદભાઈ તેમજ લતાબેન મણીકાંત મોમાયાનું સન્માનની કેપ્શન ઉલટી - સુલટી છપાઈછે તે બદ્દલ દિલગીર છીએ વ્યસ્થાપક

## રેડ ઈંક એવાર્ડ વિજેતા લેખ: એ ઉપેક્ષિત સદભાગ્યનો હક માંગો - ખ્યાતિ ધરમશી

જ્ઞાતિના અંગ્રેજી ભાષાના અગ્રણી વાણિજ્ય મહિલા પત્રકાર ખ્યાતિ ધરમશી એ ઈકોનોમિક્સ ટાઈમ વેલ્થ ૨૧ -૨૭ મે અંકમાં પ્રકટ 'કલેમ યોર હિડન ફોરચ્યુન' માં જણાવ્યું. છે કે વીમા કંપનીઓ બેંકો મ્યુચ્યઅલ ફંડસ, શેર રોકાણ, ડિવીડન્ડ આવકવેરા રીફંડ, પ્રોવીડન્ટ ફંડ, પોસ્ટ ઓફિસ રોકાણ અને બોંડસમાં રોકાણકારોના ૨૨૦૦ કરોડ કોઈ પણ જાતના વળતર વગર ફસાયેલા પડ્યા છે.

આવી રીતે ઉપેક્ષીત સદભાગ્ય પ્રત્યે ધ્યાન દેવું અને તેનો નવેસરથી દાવો કરવો જરૂરી છે. ખ્યાતિ ધરમશીએ આ રસપ્રદ ઘટનાના અંગે ધ્યાન ખેંચવા સાથે તે પરિસ્થિતી ટાળવા કે તેમાંથી બહાર આવવાના ઉપાય પણ બતાવ્યા છે. તે બાબત જાણવું લાભકર્તા, ઉપયોગી અને રસપ્રદ રહેશે.

ખ્યાતિબેને પોતાના લેખની શરૂઆતમાં ભૂમિકા બાંધતા બહુ રસપ્રદ કીસ્સો ટાંક્યો છે.

બજાજ કેપીટલ મ્યુચલ ફંડના એક ડીસ્ટ્રીબ્યુટરે પોતાના મ્યુચઅલ ફંડમાં નિયમિત રોકાણ કરતા મુખ્ય ગ્રાહકોની યાદી તપાસી, તો જાણવા મળ્યું કે તેમાંના ઘણાયે લાંબા સમયથી કોઈ રોકાણ કર્યું નથી. આ ડિસ્ટ્રીબ્યુટરે એ બાબત તપાસ કરવાનો નિર્ણય કર્યો.

આ તપાસ દરમિયાન તેમને ખબર પડી કે એક રોકાણકાર જેણે એચડીએફસી મ્યુચઅલ ફંડમાં રૂા બે લાખનું રોકાણ કર્યું હતું તે થોડા સમય પહેલાંજ ગુજરી ગયા હતા અને તમની પત્નીને આ બાબત કોઈ જાણકારી નહોતી. આ તરફ એ રકમ વધીને નવ-દસ લાખની થઈ ગઈ હતી. પણ તેમની પત્ની એ બાબત અજાણ હોવાથી અકારણ આર્થિક તંગી વેઠી રહ્યા હતા.

આવું જ કાંઈક સરદાર સરોવર નર્મદા નિગમના બોંડ લેનાર રાંચીના અજય કુમાર પરમારના કિસ્સામાં બન્યું. તેમણે લોકો પાસેથી અને છાપામાં જ્યારે જાણ્યું કે આ બોંડના ભાવ ખૂબ વધી ગયા છે તો તેમને પોતે કરેલું રોકાણ યાદ આવ્યું.

બધા જોકે આ બે ઉપલા કિસ્સામાંની વ્યક્તિઓ જેટલા ભાગ્યશાળી નથી હોતા માટે જ વીમા કંપનીઓ, બેંકો, મ્યુચ્યઅલ ફંડસ, કંપનીઓ, બેંકો, પ્રોવીડન્ટ ફંડ વગેરેમાં રોકાણરોના ૨૨૦૦૦ કરોડ રૂપીયા દાવો થયા વગરના પડયા રહ્યા છે.

આ રોકાણકારોએ કંઈક લાભ મળશે એમ ધારીને બચતના રોકાણમાં રૂપાંતર તો કર્યું પણ તેમાંથી વળવર મળવાનું હોય ત્યારે તેમણે દાવો કર્યો નથી.

આવું કેમ બને છે તેનો ખુલાસો કરતા વંડરલેન્ડ કન્સલટન્ટસ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝરના ડાયરેક્ટર સંદીપ શાનભાગ કહે છે કે ઘણી બધી બાબતોમાં નાનું રોકાણ કરનારા ઘણા રોકાણકારો આવી રીતે કરેલા રોકાણ ભલી જાય છે. કેમકે તેમનો પોર્ટફોલીયો એટલો વૈવિધ્યપૂર્ણ હોય છેકે તેની સતત સંભાળ લેવાનું મુશ્કેલ બની જાય છે.

આ દાખલાઓ ધ્યાનમાં આવતા ઈકોનિમિક ટાઈમ્સના પ્રતિભાવંત પત્રકાર ખ્યાતિ ધરમશીએ તપાસ કરીને આ રોકાણકારોના ૨૨૦૦૦ કરોડ કેવી રીતે અટવાયેલા પડ્યા રહ્યા છે. તેની તપાસ કરીને તે કેવી રીતે મેળવવા તે અંગે જે લેખ લખ્યો તેને રેડ લેટર્સ એવોર્ડ મળ્યો.

**જીવન વીમા પોલસી :** જીવન વીમા કંપનીઓ પાસે પોલીસી ધારકોના રૂા. ૧૭૨૪ કરોડ ફસાયેલા છે. આમાં સગાઓને પોલીસીધારકના મૃત્યુપછી ચુકવવાની રકમનો દાવો ન થયો હોય તેવી રકમોનો પણ સમાવેશ થાય છે.

પાકેલી પોલીસીની પાકતી રકમ મેળવવા માટે નંબર અને દસ્તાવેજો સાથે જ્યાંથી પોલિસી કટાવેલ હોય તે ઓફિસ કે બીજા શહેરમાં રહેવા ગયા હોય તેમણે ઝોનલ ઓફિસનો સંપર્ક કરવાનો હોય છે.

**ખાતા અને ડિપોઝીટ (થાપણ) :** ૧ કરોડ જેટલા બેંક ખાતા તથા ફિક્સ ડિપોઝીટમાં જનતાના રૂા. ૧૭૩૯ કરોડ દાવો કર્યા વગરના પડયા છે.

જીવંત વ્યક્તિ બેંકના ખાતા કે ફિક્સ ડિપોઝીટ રૂપે પડેલ રકમ બેંકનો સંપર્ક સાધી લઈ શકે છે. મૃત સ્વજનના વારસને આ માટે દસ્તાવેજો રજૂ કરવા પડે છે.

**શેરમાંનું રોકાણ તથા તેનું ડીવીડન્ડ :** ઘણા લોકો શેરોના રોકાણને વખતસર નામે ચઢાવવા કે તેના ડીવીડન્ડ વગેરે આવે છે કે નહીં તેના સગડ રાખવામાં નિષ્ફળ જાય છે. આવા લોકોને આપવાના

ડીવીડંડની રૂા. ૮૦૦ કરોડ જેટલી રકમ વર્ષ ૨૦૧૦-૧૧ સુધી ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડમા લઈ જવામાં આવી છે.

**ઈન્કમટેક્સ રીફંડ :** એકલા કર્ણાટક - ગોવા સર્કલમાં લોકોને ઈન્કમટેક્સ રીફંડના રૂા. ૧૩૦૦ કરોડ મળવાના બાકી છે.

આ રીફંડ મેળવવા માટે ઈ-રીટર્ન ભરનારાઓએ પોતાના ઈ ફાઈલંગ એકનોલેજ (પહોંચ) નંબર સાથે બેંગલોર સી.પી.સી.ને લખવું જોઈએ. કાગળના ફોર્મ રૂપે રીટર્ન ભરનારે પોતાના રીટર્નની સાથે સંબંધિત વોર્ડના રીલેશન ઓફસર (જનસંપર્ક અધિકારી) નો સંપર્ક કરવો જોઈએ.

**મ્યુચ્યુઅલ ફંડો અને રોકાણો :** મ્યુચ્યુઅલ ફંડો પાસે રૂા. ૪૫૩ કરોડના ન ચૂકવાયેલા ડીવીડંડ તથા દાવા વગરની મિલકત પડી છે.

મ્યુચ્યુઅલ ફંડના ન મળેલા ડીવીડંડ કે રોકાણ માટે ફોલીયો નંબર સાથે જોતે ફંડ પાસે માગણી કરવી. એજંટ પણ આમાં મદદરૂપ થઈ શકે.

જેકે આ દાવો કરતા સહીનો ફરક ન આવે એનું ખાસ ધ્યાન રાખવું નહિંતર તે એક વધારાનો માથાનો દુઃખાવો બની જશે.

મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણકારે ચિરવિદાય લીધી હોય તો તેમના વારસોએ સંબંધ દર્શાવી ઓળખનો પુરાવો આપી અરજી કરવી.

**પ્રોવીડન્ડ ફંડ :** પ્રોવીડન્ટ ફંડ પાસે ૩ કરોડ મૃત ખાતા છે જેમાં લોકોના રૂા. ૧૬૦૦૦ કરોડ અટવાયેલા પડયા છે.

જો તમે ક્યાંક કામ કરતા હો અને પ્રોવીડન્ટ ફંડ ખાતું ચાલુ હોય તો વર્તમાન માલિકને ત્રણ ફોર્મવાળો સેટ ભરીને આપો. જેની એક કોપી પ્રોવીડંટ ફંડ કમિશ્નરને તથા એક કોપી જૂના માલિકને તમારા પ્રોવીડંટ ફંડ ખાતાનાજમા નાણા નવા ખાતામાં ફેરવવા મોકલવામાં આવશે. નાણા નવા ખાતામાં જમા કરાવવાને બદલે લઈ લેવા હોય તો જૂના માલિક કે પ્રોવીડંટ ઓફિસ પાસે તેવી અરજી કરવી જોઈશે.

**પોસ્ટ ઓફિસમાંનું રોકાપણ :** દેશમાંની ૧૫૫ હજાર પોસ્ટ ઓફિસોઓમાંથી માત્ર ૨૪૦૧૫ કમ્પ્યુટરથી હિસાબ રાખે છે એટલે પોસ્ટ ઓફિસમાંના રોકાણ હિસાબ કોમપ્યુટરમાં પોસ્ટ ઓફીસો સિવાય રગાશીયા ગાડાની જેમ ચાલે છે તથા રોકાણકાર અને ખાસ કરીને કુટુંબની જાણ વગર રોકાણકારના કરોડો રૂપિયા તેમાં ફસાય છે.

પોસ્ટ ઓફિસમાં કરેલ રોકણ સંબંધે પાસબૂક કે સર્ટીફિકેટ હોય તો પૈસા પાછા મેળવવાનું કામ થોડું સરળ રહે છે. ઘણી વખત રોકાણ પોસ્ટ ઓફિસ

*અનુસંધાન ૮મા પાને*

## આવી સ્થિતિ કેમ ટાળવી તે અંગેના ખ્યાતિ ધરમશીંના સુચનો.

**રોકાણની નોંધ રાખો :** રોકાણકારો રોકાણ કરતી વખતે તેની નોંધ કરવાની આદત પાડે તો તેઓ કે તેમના પરિવારજનોને તેની માહિતી મળી શકે. આ વિગતો નોંધતી વખતે સંબંધિત આંકડા ધ્યાનમાં રાખવા જોઈએ.

**પરિવારને રોકાણની જણ કરો:** રોકાણકાર નિયમિત રીતે પોતાના કુટુંબને પોતાના રોકાણની જાણ કરતો રહે તો અણધારી ઘટના બને, તો પરિવાર એ દાવો કરી શકે, મેળવી શકે.

**નોમીની (અનુગામી) નીમો:** બધા રોકાણમાં રોકાણકાર તેની પાછળ કોણ તેનો અનુગામી (નોમીનિ) થશે તેની કંપની આદિને જાણ કરવાની આદત રાખે તો પાછળના લોકો આસાનીથી રોકાણ પોતાને નામે કરાવી શકશે.

**તમારી જાતને યાદ અપાવો:** ક્યું રોકાણ ર્ક્યું છે અને તે ક્યારે પાકવાનું છે એ બાબતની ફરી યાદ અપાવવાની કોઈ વ્યવસ્થા ઊભી કરો, આજ કાલ કમ્પ્યુટરની મદદથી આ કામ સાવ સહેલું થઈ ગયું છે.

**નકામી વસ્તુઓનો અંત આણો :** રોકણ જ્યારે લાભકારી મટી જાય ત્યારે તેનો વ્યવસ્થિત રીત અંત લાવવો જોઈએ. જેટલા ઓછા રોકાણનું ધ્યાન રાખવાનું હોય તેટલું કામ સરળ અને વ્યવસ્થિત બનશે.

**ઈસીએસ ઈલેક્ટ્રોનીક કલીયરન્સ સર્વિસીસ ઉપયોગ કરો.** આજકાલ અગાઉથી સૂચના આપી હોય તો ઈલેક્ટોનિક્સ કલીયરન્સ પધ્ધતિથી ડીવીડંડ વગેરે ખાતામાં જમા થઈ જાય છે. જ્યાં જ્યાં એવી સગવડ હોય ત્યાં એ સગવડનો લાભ લેવો જેથી વધુ રકમ પડેલી ન રહે અને વહીવટ સરળ બને.

## ક.દ.ઓ. પ્રકાશના પ્રારંભકર્તાઓએ વાવેલ નારી - પત્રકારત્વના બીજમાંથીહવે જ્ઞાતિનું ગૌરવ વધારે તેવા દુર્લભ ફૂલ ખીલી રહ્યાં છે.

ક.દ.ઓ. પ્રકાશના પ્રારંભકર્તાઓએ ૧૯૨૫માં પ્રકાશની પ્રવૃત્તિનો પ્રારંભ કર્યો તે વખતે વિશ્વ/સમાજના અડધા ભાગ જેવી સ્ત્રીઓ પોતાની જાતને તથા સમાજને સમૃધ્ધ કરવા કલમ (આજના જમાના પ્રમાણે ટી.વી.ના માધ્યમ સાથે સંબંધિત સાધનો) ઉપાડે એવું સ્વપ્ન જોઈ નારી પત્રકારત્વનું બીજ વાવેલું.

વિક્રમ સંવત ૨૦૭૦નાં પ્રારંભે તેની શું સ્થિતિ છે એ જોવા પ્રીંટ મીડીયા અને ટી.વી. મિડીયા ક્ષેત્રે જ્ઞાતિની નારીશક્તિ ક્યાં ઊભીછે એને અંકનો કવર સ્ટોરીને વિષય ગણી તપાસ કરી તો જાણાવા મળ્યું કે યાદી મેળવતા જ ઘણો સમયથશે. સદભાગ્યે, પ્રિંટ મિડીયા અને ટી.વી. મિડીયામાં એક ઉંચાઈ પ્રાપ્ત કરનાર જ્ઞાતિની બે મહિલા પત્રકારોની વિગતો તરતજ ઉપલબ્ધ થઈ.

જે પુરવાર કરેછે ક.દ.ઓ. પ્રકાશના પ્રારંભકર્તાઓએ વાવેલા નારી પત્રકારત્વના બીજમાંથી હવે જ્ઞાતિનું ગૌરવ વધારે તેવા દુર્લભ ફુલ ખીલી રહ્યા છે.

હર્ષઅને ગૌરવસહ પ્રસ્તુત છે યથા અવકાશ પ્રગટ થનાર જ્ઞાતિની મહિલા પત્રકારોની પરિચયની શ્રેણીમાં પ્રારંભરૂપે પ્રીંટમીડીયામાં ફાઈનાન્શીઅલ બાબતોની તલસ્પર્શી છણાવટ માટે જાણીતા - માનીતા થયેલા **ખ્યાતિ ધરમશી** તથા કંઈક ખોટું થઈ રહ્યું હોય, ત્યાંની ગડબડ ખુલ્લી પાડવા (સ્ટીંગ ઓપરેશન)માં માસ્ટર **ઉર્વશી લીલા સનત ખોનાનો** પરિચય.

***- ચંદ્રસેન મોમાયા***

### આર્થિક પત્રકારત્વ ક્ષેત્રે ઊંચું સ્થાન પ્રાપ્ત કરનારા ખ્યાતિ ધરમશી - ૧લા કવર પરથી આગળ

ઘણાયે તેમને ઈકોનોમિક્સ જર્નાલીઝમમાં આવકાર્યા અને ખ્યાતિબેને તેમણે તેમની ક્ષમતામાં મુકેલો વિશ્વાસ સાર્થક કરી બતાવ્યો.

ખ્યાતી બહેને પોતાની કારકિર્દીનો પ્રારંભ : ડબલ્યુ. ડબલ્યુ. ડબલ્યુ. માયરીસ.કૉમમાં થોડા મહિનાઓ માટે ફાયનાન્શીઅલ એનોલીસ્ટ તરીકે કર્યા.





**શેઠ શ્રી નરશી નાથા જૈન બાલાશ્રમ-નલિયા**
**ના ભૂતપૂર્વ છાત્રો જોગ**

શેઠ શ્રી નરશી નાથા જૈન બાલાશ્રમ-નલિયા નાં ભૂતપૂર્વ છાત્રો જોગ નિવેદન છે કે,
બાલાશ્રમના ભૂતપૂર્વ વિદ્યાર્થીયોનું મેળાવો (જાન્યુઆરી/ફેબ્રુઆરી ૨૦૧૪ માં) યોજવાનું વિચાર છે.
એમાં બહોળી સંખ્યામાં સામેલ થવા ભૂતપૂર્વ છાત્રોને આવાહન છે.
છાત્રાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને પોતાના નામો નીચેના સરનામે નોધાવવા વિનંતી છે.

વિનીત
**કલ્પેશ માણેકજી મોતા**

૨૦, કાપડિયા ચેમ્બર્સ, ૫૧, દેવજી રતનશી માર્ગ, મસ્જીદ (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૦૯.
ફોન : ૦૨૨-૪૪૨૨ ૯૧૦૦ (ડીમ્પલ ખોના)

સંપર્ક સમય
સવારના ૧૧.૦૦ થી સાંજે ૫.૦૦

તેપછી ચારેક વર્ષ (૨૦૦૬-૧૦) ડી.એન.એ. મનીમાં સીનીયર કરસ્પોંડર તીકે કામ કર્યું. ત્યારબાદ બે વર્ષ ધી ઈકોનોમિકસ ટાઈમ વેલ્થ ના પ્રન્સીપલ કોરસ્પોન્ડર રહ્યા. એ પછી તેમણે ઈકોનોમિકસ જર્નાલિઝમમાં ફ્રીલાન્સર તરીકે રહી સારી માતા તરીકેની કારકીર્દીમાટે જીવનમાં સંતુલન સાધવાનું પસંદ કર્યું છે.

જોકે વિષયની તલસ્પર્શી છણાવટ કરવાની કુનેહે તમેને આજેપન ક્ષેત્રનાં જાણીતા - માનીતા પત્રકારોમાં સ્થાન અપાવ્યું છે.

**ટી.વી.જર્નાલીસ્ટ રૂપે સ્ટીંગ ઑપરેશનમાં નામના મેળવનારા ઉર્વશી ખોના** - ૧લા કવર પરથી

નહી ગણતર - પ્રત્યક્ષ તાલીમ પણ જોઈશે એમ માણી રાષ્ટ્રીય ન્યુજ એજન્સી પી.ટી.આય. (પ્રેસ ટ્રસ્ટ ઑફ ઈંડીયા) આઈ.બી.એન.૭ ન્યુજ, તથા ન્યુજ એકસ માં તાલીમ મેળવી

તે પછી ૩ વર્ષ માટે ટી.વી.૯ સાથે જોડાઈ સ્ટીંગ ઓપરેશન માસ્ટરનું હુલામણું બિરુદ મેળવવા જાનના જોખમે અનેક રિપોર્ટીંગ કરયા. હાલમાં તેવો ન્યુજ એક્સ નામની ઈગ્લીશ સાથે જોડાયલા છે.

ઉર્વશીએ ટી.વી. જર્નાલીસ્ટ તરીકે સાહસ દાખવી કરેલા નીચેના સ્ટીંગ ઓપરેશનોએ તેને રાષ્ટ્રીય માન્યતા અપાવી છે.

૧. એજન્ટો અને સરકારી કર્મચારીઓની મીલીભગતથી લાંચ આપનારને માત્ર એક દિવસમાં આધાર કાર્ડ બનાવી દેવાનું તરકટ તેણે ખુલ્લું પાડયું.

૨. ઈન્ડીયન મુજાહિદીનના આતંકવાદીઓ શ્રીલંકાને અડ્ડો બનાવી ભારતીય નેતાઓને લક્ષ્ય બનાવવા કાર્યવાહી કરી રહ્યાછે. તે સંબંધે સરકાર અને પોલીસ તંત્રને તેણે ગુપ્ત પત્રવ્યવહાર આંતરી જાણકારી આપી.

૩. બ્લડ બેંકો લોહીનો વેપાર કરી સામાન્ય માનવીની માંદગી વખતે કેવી બુરી હાલત કરે છે તે ઉર્વશીએ ખુલ્લું પાડયું.

૪. ઈમરજન્સી એમ્બ્યુલન્સ સર્વીસને નામે કેટલાક સેવાને બદળે મજબૂરીનો લાભ લેવાનો વેપાર કરી રહ્યા છે. તે ઉર્વશીએ ખુલ્લું પાડયું.

૫. શહેરીજીવનનાં તથા ત્યાંમળતા આકર્ષણથી ગામડાની કેવી અવદશા થઈ રહી છે તેની જાણ ઉર્વશીએ તેની ડોક્યુમેન્ટરી એક ગાવ કા પલાયનમાં કરી છે.





।।શ્રી ગોડિયાજી પાર્શ્વનાથાય નમઃ ।।

## સસ્નેહ આમંત્રણ

**શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિ રાપરગઢવારી - નાની સિંધોડી સંઘ**

આયોજીત

### પંચમ સ્નેહમિલન

**ભારતભરમાં વસ્તા ગામવાસિયો ત્થા નિયાણી બહેનોને પાંચમાં સ્નેહમિલનમાં આમંત્રિત કરીએ છીએ.**

**સ્નેહમિલન રવિવાર તા. ૨૯-૧૨-૨૦૧૩ રોજ સવારના ૯.૩૦ થી રાતના ૮.૦૦ વાગ્યા સુધી શેઠ શ્રી નરશી નાથા સભાગૃહ, અનંત સિદ્ધી, એલ. બી. એસ. રોડ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૭૮. ખાતે આયોજીત કરેલ છે. જેમાં ગામ વાસિયોના - સોલો ડાન્સ, ગ્રુપ ડાન્સ, મિમિક્રી, અભિનય, ગાયન, વાદન, નાટિકા આદિ સાંસ્કૃતિક કાર્યક્રમ સાદર કરવા માટે નું આવાહન કરવામાં આવેલ છે. નામ નોંધણી માટે નીચે મુજબ ના અધિકારીઓનો સંપર્ક તા. ૩૦-૧૧-૨૦૧૩ સુધીમાં કરવા વિનંતી છે.**

**સંપૂર્ણ કાર્યક્રમ નો સંચાલન - ચેતના હરિયા અને સાથી કલાકારો કરશે.**

*સંપૂર્ણ કાર્યક્રમના દાતાશ્રી*

**માતુશ્રી ભચીબાઈ હરશી નાગશી લોડાયા - હસ્તે અ. સૌ. વિજયાબેન કુંવરજી લોડાયા પરિવાર**

નિમંત્રક

શ્રી ક. દ. ઓ. રાપરગઢવારી - નાની સિંધોડી જૈન મિત્ર મંડળ

**શ્રી વીરચંદ નરશી લોડાયા - ૯૫૯૪૬ ૦૦૯૦૦**

**શ્રી પ્રફુલ દેવજી નાગડા - ૯૩૨૨૨ ૨૦૨૦૪**

૬. સરકારી અને બિનસરકારી પ્રયત્નો છતાં દિકરી હજું અનિચ્છનીય રહી છે એ વાતની ચાડી ખાતી ઘટના બોરીવલીમાં કચરાના ડબ્બામાં ફેકાંયેલ એક દિવસની છોકરીનો અહેવાલ ઉર્વશીએજ આપેલો.

૭. મુંબઈને બાનમાં રાખનારા ૨૬.૧૧ના આતંકવાદી હુમલામાં શહીદ થયેલા ઈન્સપેક્ટર હેમંત કરકેરેની વિધવા કવિતા કરકરેનો પ્રથમ ઈન્ટરવ્યુ લઈન ઉર્વશીએજ દેશને બતાવ્યું કે સરકારે આતંકવાદીઓ સામે રક્ષણની પૂરી વ્યવસ્થા કરી નથી એટલે તેની ઉણપ પુરવા તેમના પતિ જેવા ઘણાને અકારણ શહીદી વહોરવી પડે છે.

૮. ક્રિકેટના સટ્ટાને કારણે ખેલાડીઓને લાંચ આપી મેચ ફિક્સ કરવાનો આક્ષેપ જેમના પર થયેલો એવા વિંદુ દારા સિંઘનો પ્રથમ ઈન્ટરવ્યુ પણ ઉર્વશીએ જ લીધેલો.

સમાજના દુષણો પ્રત્યે કડક ઉર્વશીનું સંગીત પ્રત્યેનું વલણ નરમ છે એટલું જ નહીં તેનું હૃદય સંગીતના ધબકાર ઝીલે છે તેની આડકતરી સાબિતી તેણે લીધેલ સંગીતકાર આણંદજી અને પ્યારેલાલ જેવા પ્રખ્યાત બેલડીઓમાંના જીવિતોની મુલાકાત આપ છે.

**ખ્યાતિ ધરમશીનો લેખ** ૫મા પાનેથી ચાલુ...

કમ્પ્યુટર વાપરતી થઈ તે પહેલાનું હોય તો કર્મચારી જૂના રેકોર્ડમાથી તેની પુષ્ટિ કરે તે માટે પણ ઘણી માથાકુટ કરવી પડેછે.

જો રોકણકારનું અવસાન થયું હોય તો તેના વારસદારો પણ તે રકમ મેળવી શકે છે પણ પુરાવા આપવાની તથા વિધિઓ પૂરી કરવાની લાંબી ઝંઝટ કર્યો પછી.

**બોંડ:** સરકારી કે અર્ધસરકારી સંસ્થાઓના તેમજ કંપનીઓના બોર્ડના રેકોર્ડ ૧૯૯૫ પછી તો ડીમેટ રૂપે રહેવા લાગ્યા છે. એટલે પોતાને માટે કે વારસ માટે તેના નાણા મેળવવા શક્ય છે. વિધિઓ પ્રમાણમાં સરળ હોયછે. પણ જોએ પહેલાંના બોંડ કાગળરૂપે રહી ગયા હોય તો તે માટે ધીરજપૂર્વક બોંડ બહાર પાડનાર નાણંકીય સંસ્થા પાસે માણણી કરી તે જણાવે તે વિધિપૂરી કરીને નાણા પાછા મેળવી શકાય આ રીતે પણ કરોડો રૂપીયા ફસાયા હોવાનો અંદાજ છે.

સૌજન્ય : ધી ઈકોનોમિક ટાઈમ્સ : વેલ્થ મે ૨૧.૨૭.૨૦૧૨ના અંકની કવર સ્ટોરી

**શ્રદ્ધાંજલિ**



: જન્મ :
તા. ૧ માર્ચ ૧૯૨૯

: અરિહંત શરણ :
તા. ૨૭ ઓક્ટોબર ૨૦૧૩

## સ્વ. રતીલાલ ડુંગરશી મૈશેરી (જખૌ - ડોંબિવલી)

પરકાજુ સેવાભાવી, કાર્યનીષ્ઠ જીવન અને ઉચ્ચતમ સંસ્કારો
તમારા સુકાર્યોથી મહેકે અમારું જીવન, સદા સ્મરણ કરશુ તમારા કાર્યોનું અમે......

**આપના વિરહના વિયોગ સહનાર શોકાતુર પરિવાર**

**ધર્મપત્ની : નવલબાઈ રતીલાલ મૈશેરી**

**પુત્ર-પુત્રવધુ :** કાશ્મીરા મેઘરાજ મૈશેરી
મીનલ કમલેશ મૈશેરી
હેતલ મુલચંદ મૈશેરી

**પુત્રી-જમાઈ :** શર્મિલા ધર્મેન્દ્ર (રાજુ) પ્રસાદ
**પૌત્ર-પૌત્રી :** હર્ષ, ચિંતન, કિંજલ, ઉરા
**દોહિત્રી :** ડિંકલ

**સ્વ. માતુશ્રી દેવકાબાઈ ડુંગરશી મૈશેરી સમસ્ત પરિવાર - જખૌ**
**સ્વ. શા. નરશી દેવજી શીયાલ સમસ્ત પરિવાર - જખૌ**

# ધોલેરા બંદર (S.I.R.) વિકાસ ક્ષેત્રે ઈન્વેસ્ટમેન્ટ

જ્ઞાતિના મધ્યમ વર્ગ વધુ રોજગારી પ્રાપ્ત કરે, એમના ઈન્વેટમેન્ટનું મોટુ રિટર્ન મળે, ઓછા પૈસે ગરવી ગુજરાત જે વિકાસની હરણફાળમાં છે. વારંવાર વર્ષોથી ગરવી ગુજરાત કચ્છના વિકાસના સ્વપ્નમાં ઈન્વેસ્ટ કરી સહભાગી થનાર કચ્છી ગુજરાતી પરિવારોની હવે દ્દષ્ટિ ઘાલેરા ભાવનગર અમદાવાદ રોડ, ધોલેરા બંદર (S.I.R.) જે અમારા માનદ પ્રતિનિધિઓ બ્લુ પ્રિન્ટ જે આકાર પામનાર વિસ્તાર છે તેમની પાસેથી નિહાળી શકશો.

ફક્ત નાના ઈન્વેસ્ટમેન્ટ જે કંડલા બંદરમા ૧૫૦ થી ૧૭૫ રૂપિયા પ્રતિ વાર ની જમીન ઈ.સ. ૧૯૮૫-૮૭ માં રોકાણ કરેલ જે આજે રૂા. ૨૫,૦૦૦/- થી ૩૦,૦૦૦/- પ્રતિ ચો. વાર માં મળે છે જે ઓછું કહેવાય? ધીરજ ખપે છે.

ભુજ જૈન કોલોની ૧૯૮૫-૮૭ માં ફકત રૂા. ૪૦૦૦/- ૨૪૦ વાર માં રોકાણના આજે વળતર રૂા. ૧૦૦૦૦૦/- ઓછું કહેવાય? તેવીજ રીતે J.M.P.C. બિલ્ટ લાઈન આદિનાથ વાટીકાઝ પરિવાર દીઠ એક પ્લોટની યોજના ફકત જૈનો માટે ઓરમ વાટીકાઝ પરિવાર દીઠ ફક્ત એક પ્લોટની યોજના સમસ્ત સમાજો માટે તદન નજીવા દરે ૩૭ એમોનીટીઝ સાથે મેઈન રોડ ટચ જે બે દિલ્લી થી પણ વધારે હશે, ધોલેરા બંદર ૨૦૨૦ માં ગુજરાત રાજયનું આશાસ્પદ અને અનેરૂ બંદર હશે. ૧૨૭ ચો.વાર ના પ્લોટો રહેઠાણ માટેના સંપુર્ણ સુખ સુવિધા સાથેનું આયોજન છે.

જયાં કાર્ગો હેન્ડલીંગ એરપોર્ટ સાથે મીઠા પાણીનો 'કલ્પસર માનવ' સર્જિત હાઈટેક ટેક્નોલોજીથી નિર્માણ પામવાનું છે. વિશ્વમાં પ્રથમ જળ સરોવર હશે, ઉર્જા, ગ્રીન ક્રાન્તિ સાથે આરોગ્યપ્રદ સ્થળ બનવા જઈ રહ્યું છે, ભાવનગર દહેજ વચ્ચે ૬૪ કિ.મિ. નો સમુદ્ર સેતુ આવી અસંખ્ય વસ્તુ ગુજરાત, કેન્દ્ર સરકારશ્રી તરફથી નિર્માણ પામશે. ૧૦ ટ્રેક પ્રથમ નેશનલ હાઈવે ઔદ્યોગિક હબ સાથે જાપાન ચીન ના શંઘાઈ શહેરના મુકાબલે ઘણું આગળ નિકળશે. ગાંધીનગર ધોલેરા મેટ્રો ટ્રેન સાથે ધોલેરા વિશાળ ગ્રિન ફીલ્ડ સિટી બનશે, આ પાયલોટ પ્રોજેકટમાં રૂા. ૮૫૦૦/- કરોડની મુડી રોંકાણનું લક્ષ્યાંક છે. ધોલેરા (S.I.R.) ૩૬૦ કિ.મિ.માં વિકાસ પામશે. કચ્છી સમાજ વધુ ધ્યાન ઈનવેસ્ટમેન્ટ હવે ગુજરાત રાજય તરફ કરે તે જરૂરી સારા ભાવિષ્યના સંકેત છે.

દાનવીર દાતાશ્રીઓ શ્રીમંતો સુખી પરિવારો સાથે સમાજની સ્વૈચ્છીક તેમજ ધાર્મિક સામાજિક સંસ્થાઓ પણ એફ.ડી., બેંક થાપણ નો સીધો રોંકાણ સમાજના કાલના ભવિષ્ય માટે આવી જગ્યાઓમાં રોકાણ એ યોગ્ય રહેશે. આવનાર કાલ અને આજ ભાવિ ભવિષ્ય તો ગુજરાત જ છે અને રહેશે.

**J.M.P.C. બિલ્ટ લાઈન (અમદાવાદ) ના ઓથોરાઈઝ બુકીંગ પ્રતિનીધી**
**શ્રી ભલારા દાદા એસ્ટટ એજન્સી ગ્રુપ (પરિવાર), ગાંધીધામ**

**અમારા માનદ પ્રતિનિધિઓ સંપર્ક સાધી**
**માર્ગદર્શન મેળવો ખાત્રી છે, ખાત્રી કરો,**

**બ્લુ પ્રિન્ટ અમારા વેબસાઈટ : www.dadabhalara.in. માંથી જાણો.**

**શ્રી BHALARA DADA ESTATE AGENCY GROUP (PARIVAR)**

Shop No. 4, Plot No. 50, Sai Lilashah Complex, Ward 12/c,
Lilashah Nagar, Gandhidham (Kutch) 370201,

જય જય શ્રી આશાપુરા | જય જય શ્રી ચામુંડા | જય જય શ્રી સચ્ચાઇ માઁ

# કચ્છ કોઠારા સ્થાને ચામુંડામા ને નમતા મૈશેરી કુળના પરિવારજનો માટે

## આશાપુરા મા અને સચ્ચાઇમાના નામકરણ અને ભૂવાશ્રી કે ભોઇમાને જાગૃત કરવા

**કારતક સુદ ૧૨, બુધવાર, તા. ૧૩-૧૧-૨૦૧૩ થી કારતક સુદ પૂનમ, રવિવાર, તા. ૧૭-૧૧-૨૦૧૩ સુધીનો**

# જાહેર મહોત્સવ કાર્યક્રમ

**કારતક સુદ ૧૧, બુધવાર, તા. 13-૧૧-2013**

નવકારશી-બપોરની ચા : શ્રી ડુંગરશી ટોકરશી મૈશેરી - કોઠારા - મુલુંડ

બપોરનું જમણ : શ્રી માણેકજી પદમશી મૈશેરી પરિવાર - માંડવી

સાંજનું જમણ : શ્રી ઊમરશી મેઘજી મૈશેરી - લાલા

**કારતક સુદ ૧૨ ગુરૂવાર, તા. ૧૪-૧૧-2013**

નવકારશી-બપોરની ચા : શ્રી લાલજી દેવજી મૈશેરી - મોટી સિંઘોડી
શ્રી રાઘવજી દેવજી મૈશેરી - મોટી સિંઘોડી
શ્રી શા. ખીમજી રતનશી મૈશેરી-મોટી સિંઘોડી

બપોરનું જમણ : શ્રી વિરચંદ લખમશી મૈશેરી લાલા-ભાડુંપ

સાંજનું જમણ : મા. મંજુલાબેન ત્રીકમજી મૈશેરી-મોટી સિંઘોડી - થાણા

**કારતક સુદ 13 શુક્રવાર, તા. ૧૫-૧૧-2013**

નવકારશી-બપોરની ચા : શ્રી શામજી મેઘજી મૈશેરી પરિવાર-લાલા-વિરમગામ

બપોરનું જમણ : મા. માનબાઇ દામજી ખીંચશી મૈશેરી લાલા-મુલુંડ

સાંજનું જમણ : શ્રી ભરત નારાયણજી મૈશેરી-લાલા-ડોમ્બીવલી

**કારતક સુદ ૧૪ શનિવાર, તા. ૧૬-૧૧-2013**

નવકારશી-બપોરની ચા : શ્રી ગોવિંદજી આંણદજી મૈશેરી- લાલા
શ્રી લીલાધર આંણદજી મૈશેરી - લાલા-ઔરંગાબાદ

બપોરનું જમણ : શ્રી જેઠાભાઇ રાજપાર મૈશેરી લાલા - મુલુંડ

સાંજનું જમણ : નામ આવકાર્ય

**કારતક સુદ પુનમ તા. ૧૭-૧૧-2013**

નવકારશી-બપોરની ચા : શેઠશ્રી લહેરચંદ નરશી મૈશેરી, મોટી સિંઘોડી, મુલુંડ

બપોરનું જમણ : શેઠશ્રી જયંતિલાલ માણેકજી મૈશેરી-માંડવી - મુલુંડ
હસ્તે જયાબેન રતિલાલ મૈશેરી તરફથી

**પાણીની પરબના દાતા પરિવાર**

માતુશ્રી શાંતાબાઇ અમૃતલાલ નેણશી મૈશેરી લાલા - અમદાવાદ
હસ્તે કમલેશ અમૃતલાલ મૈશેરી

**મંડપના દાતા પરિવાર**

શેઠશ્રી કલ્યાણજી માણેકજી મૈશેરી - માંડવી - મુલુંડ

**ચંદીપાઠ અને શાસ્રી પાઠના સજોડા**

૧) મહેશ રાઘવજી મૈશેરી - લાલા-ભાંડુપ
૨) ગુલાબ ભવાનજી મૈશેરી - લાલા-અમદાવાદ
૩) ભરત નારાયણજી મૈશેરી - લાલા-ડોમ્બીવલી
૪) નામ આવકાર્ય
૫) નામ આવકાર્ય

**સ્થાને દરરોજની સાંજની આરતીની ઉછામણીનો આદેશ દેવાશે નામકરણ અને ભૂવાશ્રીની નિમણુંક બાદ પ્રથમ માતાજીને નૈવેદ્ય ચડાવાનો આદેશ આપવામાં આવશે.**

**સૂચના :-**

૧) મહોત્સવ દરમ્યાન કોઇએ પણ કાળા કપડાં કે ઘૂઘરીવાળા ઝાંઝર પહેરવા નહીં.
૨) બહારગામથી કે ડાયરેક્ટ પધારતા ભાવીકોને અગાઉથી જાણ કરવા વિનંતી.
૩) વધુ વિગતની જાણકારી માટે કાર્યકરોનો સંપર્ક કરવો.
૪) અપીલ હર પરિવારોના ઘરમાંથી એક જણની પણ હાજરી હોવી જરૂરી છે.

## અંદાજીત કાર્યક્રમ

**તા. ૧૧-૧૧-2013....**મુંબઇથી ભૂજ રવાના સયાજી એક્સપ્રેસ ટ્રેન દ્વારા બપોરની ચા અને સાંજનું જમણ ટ્રેનમાં

**તા. ૧૨-૧૧-2013...**ગાંઘીગ્રામ પહોચી બસમાં રવાના પંચતીર્થી માટે

૧) ભદ્રેશ્વર ૨) વાંકી ૩) ગુંદાલા (સચાઇમાતા અને રામદેવપીર મંદિર) ૪) બૌતેર જિનાલય (કોડાય) ૫) દેઢીયા

૧) સવારની નવકારશી - નામ આવકાર્ય ૨) બપોરની ચા - નામ આવકાર્ય

૩) બપોરનું જમણ - માતુશ્રી લક્ષ્મીબાઇ જીવરાજ મૈશેરી - સાંધાણ-ગોરેગામ હ. કિશોરભાઇ

૪) સાંજના ચોવિહાર - માતુશ્રી દમયંતીબેન ધનપતિ મૈશેરી - મોટી સિંઘોડી-ડોંબીવલી હ. નૂતન ભાવેશ મૈશેરી

**તા. ૧૭-૧૧-2013, રવિવાર....**કચ્છ કોઠારાથી બપોરના રવાના : ૧) માતાનો મઢ દર્શન ૨) જગવલ્લભ પાર્શ્વનાથ દર્શન ૩) જખ્ખ બૌતેરા ભૂજ રેલ્વે સ્ટેશન થી રાત્રે સયાજી એક્સપ્રેસ ટ્રેન દ્વારા રવાના, **તા. ૧૮-૧૧-2013** બપોરનું જમણ (વલસાડ) ટ્રેનમાં આવવામાં આવશે.

**દરેક જણની આવવાની અને જવાની ટિકિટો આવી ગયેલ છે અને આપનો આયડેન્ટિટી કાર્ડ અથવા ફોટાવાળો પ્રુફ સાથે રાખવા વિનંતી.**

**લી. : ચામુંડામાતા પહેડી કમીટી કાર્યવાહક સંપર્ક ઓફિસ : મુકેશ દામજી મૈશેરી**

**C/o.** સ્વસ્તીક ઓક્ટ્રોય સર્વીસ, ૧૦/એ, સી-વીંગ શ્રીરામ મંદિર સોસા., એલ.બી.એસ. માર્ગ, મુલુંડ ચેકનાકા, મુલુંડ (વે).

સંપર્ક : ૨૧૬૪ ૯૯૬૩, ૨૧૬૪ ૯૨૫૯, ૯૩૨૩૯ ૪૯૯૬૩, ૯૮૨૦૪ ૨૨૨૯૧




## દિકરી - પરજ્ઞાતિ

આજના યુગમાં દિકરો હોય કે દિકરી પરજ્ઞાતિમાં પરણે છે. કહેવાય છે કે દિકરીઓ ઈતર જ્ઞાતિમાં પરણે છે તો જ્ઞાતિની સંખ્યા ઓછી થાય છે, એ કેવી રીતે? દિકરાઓ બીજી જ્ઞાતિની વહુઓ લાવે છે તો સખ્યાંમાં વધારો થાય છે. જ્ઞાતિની જનસંખ્યા વધારવી હોય તો અન્ય જ્ઞાતિમાં પરણેલ યુવતી ને મતાધિકારથી વંચિત શું કામ રાખવામાં આવે છે?

કોઈક કન્યાઓ સ્વેચ્છાએ અન્ય જ્ઞાતિમાં પરણે છે તો કોઈક કન્યાઓને યોગ્ય પાત્ર જોઈને માતા-પિતા પરણાવે છે. એમાં દિકરીનો શું દોષ?

છુટા છેડા લીધેલ, વિધવા દિકરીઓને જ્ઞાતિમાં યોગ્ય પાત્ર ન મળવાથી અન્ય જ્ઞાતિમાં પરણવું પડે છે એમાં એના શું દોષ?

વર્ષમાં ત્રણ વાર નવા વરસે પર્યુષણ પર્વ વખતે અને અષાઢી બીજના, જ્ઞાતિ મહાજનના કે સમસ્ત જ્ઞાતિના કાર્યક્રમોમાં ૫-૬ દિકરીઓ જમીને જાય તો શું ઓછું થાય?

અન્ય જ્ઞાતિમાં પરણેલ દિકરીને એના પરિવારમાં દુઃખ હોય, તકલીફ હોય અને આપણી જ્ઞાતિના કાર્યક્રમમાં આવે તો શું થાય? એ તો આપણી દિકરી જ છે ને?

આપણે ૯૯% સાક્ષર છીએ તો મોટું મન રાખીને પરજ્ઞાતિમાં પરણેલ દીકરીઓને કેમ નથી અપનાવતા? બીજી નાની જ્ઞાતિની વહુઓને મોટું મન રાખીને કેમ સ્વીકાર કરીએ છીએ?


તમારા જીવનના સર્વે શુભ પ્રસંગમાં સહભાગી થવા ઉત્સુક
રિશી ફુડસ એન્ડ સર્વિસ
સદા સર્વાંગી સેવા કરીને ધન્યતા અનુભવશે
Rishi Foods
We Cater all Types of Veg. Cuisine (Maxican - Italian - Burmese etc.)
Chintan Shah (Lodaya) : 9619681919 Tel.: 022- 321 09097
Email : chintan_shah72@yahoo.com
Office : Sardar Pratap Singh Industrial Estate No. 3, Shop No. 7, Opp. Panalal Compound, L.B.S. Marg, Bhandup (West) Mumbai - 400 078


દિકરી સાથે ભેદભાવ કરીએ છીએ તો પરજ્ઞાતિમાં પરણેલ દિકરાને કેમ આવકાર આપીએ છીએ? દિકરી અને દિકરામાં ભેદભાવ શું કામ? હંમેશા સ્ત્રીઓને, દિકરીઓને જ શું કામ સહન કરવાનું?

**- સૌ. પુનમ (ખમા) પ્રફુલ મોમાયા નાગપુર**

## નામને સાર્થક કરતું મૈત્રી ગ્રુપ

મૈત્રી ગ્રુપ (ઘાટકોપર) સંસ્થા પાસે જેટલી પણ વાર બીજાના માટે મદદ માગી છે ત્યારે સર્વે મેમ્બરો એ ખૂબ મહેનત કરીને મને બીજાના માટે મદદ કરી છે. હું આ સંસ્થાની ખૂબ આભારી છું.

જે સંસ્થાની બહેનો બીજાના દુઃખ ઓછા કરવા હંમેશા તત્પર રહે છે તેમનાથી પ્રેરણા લઈને બધે બહેનો જો આવા કામ શરૂ કરે તો ખરેખર આ પૃથ્વી પર સ્વર્ગ જોવા મળશે.

***- શ્રીમતી લીના યોગેશ મોમાયા (ઘાટકોપર)***

## યુવા મેળા કેટલા સાર્થક કે સફળ?

દર બે વર્ષે પાંચ એકમો અને મુંબઈ મહાજનશ્રી તરફથી આયોજન કરવામાં આવતા યુવામેળાઓ એ જ્ઞાતિના યુવાધનને સમાજથી નિકટ રાખવાનો પ્રયાસ છે.


Since 1984...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...
રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા
• રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
Mob. : 7666688881
ગુરૂવાર બંધ

આનાથી જ્ઞાતિની ગરિમા, ગૌરવ, જ્ઞાતિદાઝ, શિક્ષણ એકમેક પ્રાંતોનુ સામાજિક દ્રષ્ટિએ ભાઈચારો પ્રદાન, મિત્રતા, પરિચય, આગવી કળાઓ, વિકાસ ક્ષેત્રે આદાન પ્રદાન, એકતા, અને જ્ઞાતિની આવનાર બુનિયાદ જ્ઞાતિને એકવીસમી સદી તરફ નવી રાહો સમસ્યાઓ તેમજ બાળકોમાં છુપાઈ રહેલ કળા, સંસ્કુતિઓને જ્ઞાતિ સમક્ષ પેશ કરવાનો મંચ મળતો હોય છે.

રાજકીય - સામાજિક ક્ષેત્રે વ્યવહાર, વેપાર ક્ષેત્રે કે પછી લગ્ન સગપણ ક્ષેત્રે સમાજ સમાજ થી ગુંથાયેલું રહે એ ઉદ્દેશ્યથી આ યુવામેળાવો થણા ઉપયોગી બનતા હોય છે.

પણ ઘણી જગ્યાએ દાતાશ્રીઓના દાનથી સમાજનું ધન ફકત ને ફકત સંસ્થાઓના વહીવટકર્તાઓની વાહ-વાહમાં કે ઉંચુ કાર્ય કર્યાની નામના, મહત્વકાંક્ષા પાછળ ખર્ચ કરાતું હશે તો કેટલે અંશે યોગ્ય છે?

ખરેખર યુવાધનને આવા મેળાઓથી શું પામ્યા, કેટલું સમાજ કે જ્ઞાતિમાં પોતાના પ્રાંતમાં સ્થાન આપ્યું, અપાવ્યું તે પણ બુધ્ધિજીવીઓ, દાતાશ્રીઓએ નિરીક્ષણ કરવું જરૂરી છે, કે પછી એક રૂઢી થઈ ગઈ છે, આ મેળા કરવા તે કરવા ?

તમામ વિષયો ઉપર ધ્યાન આપી એક પરીક્ષા જે આવા અઠળક ધન ખર્ચ બાદ રાખવી જરૂરી છે, કે જેથી સમાજના યુવા ધન જે ઈચ્છે તે આજે તેમને અનુકરણ કરવું રહ્યું તે પ્રાપ્ત થયું કે નહીં? કારણ કે કાલે આજ સમાજની કમાન આજના યુવા ધનને સંભાળવાની છે, ઘણા યુવા મેળાના સ્પોન્સર બનવાનો લાભ પ્રાપ્ત થયો જેમાં દક્ષીણ ભારત તરફથી જે યુવા મેળાનું આયોજન ચૈનઈ, મદ્રાસ, વી.વી. પી રિસોર્ટ ખાતેનું એક અતિ યોગ્ય લાગ્યું. બાકીમાં આગેવાનોની વાહ વાહ વધારે જોવા મળી યુવાનો આગળ વધે સમાજ વધુને વધુ સુખી થાય, સમાજ ઉપયોગી કાર્યો તરફ આગળ વધે, ધન સમય શક્તિ સમાજ ઉત્કર્ષ માટે વાપરીએ. એ આજના યુગ માટે વધૂ જરૂરી બન્ય છે. જ્ઞાતિ મૈયા વિચારે

***- લબ્ધી કુમાર મોમાયા, ગાંધીધામ***

**ભુલ સુધાર :** પ્રકાશ સમીક્ષા અંક નં. ૪૪માં ૧૨મા પાને છપાયેલ ચર્ચાના ચોતરે ની બીજી આઈટમનું નામ **વિસરાતા પખાવાજના તાલ** છે.


**શ્રી ક.દ.ઓ. પોલડીયા પરિવારો જોગ**

**ગૌરાગં બાલુડો (ગોએરસમા, બારોઈ, બાયઠ, રંગપુર, લુણી ડુમરા)**

આયોજીત કચ્છ ઘણીયાણન માં આશાપુરા માતાજીની પંચમ પહેડી તા. ૧૨-૧-૨૦૧૪ રવિવારના રોજ શેઠ શ્રી નરશી નાથા સભાગૃહ (એ.સી હૉલે) અનંતસિધ્ધી ભાંડુપ મધ્યે યોજલે છે. તો આપ સૌ પોલડીયા પરિવારો સહકુટુંબ તથા આપણી નિયાણીઓ પણ સહકુટુંબ પધારશોજી.

**પંચમ પહેડીના સૌજન્ય દાતા માતુશ્રી વેલબાઈ વેરશી લધાબાઈ પોલડીયા - બાયઠ**
**માતુશ્રી રતનબાઈ વેલજી આણંદજી પોલડીયા - બાયઠ**

**ભવદીય : ગૌરંગ બાલુડો પોલડીયા પરિવારોની સમિતિ**



**બાયઠ ગામના પોલડીયા પરિવારો જોગ**

આપણા માદરેવતન બાયઠ ગામમાં માં આશાપૂરા માતાજી તથા માં મોમાય માતાજી બીરાજમાનછે. સંજોગવશાત બંને જગ્યાએ ભુવાજીનું સ્થાન ખાલી છે. આગામી એપ્રીલ માસમાં તા. ૧૩-૪-૨૦૧૪ થી તા. ૧૫-૪-૨૦૧૪ સુધી ત્રિ દિવસય (ચૈત્ર શુદ તેરસ, ચૌદશ - પુનમ) કાર્યક્રમ ભુવાજી બનાવવાનું આયોજન કરેલ છે. આ પ્રસંગે આપ સૌ પોલડીયા પરિવારોને સહ-કુંટુંબ બાયઠ તા. ૧૧-૪-૨૦૧૪ સુધી પધારવાનું ભાવભર્યું આમત્રંણ પાઠવીએ છીએ. પરિવાર જનોએ ફરજીઆત આવવાનું છે.

**સંપર્કઃ ગુલાબ પોલડીયા : ૯૯૭૫૩૨૭૭૭૨ યોગેશ પોલડીયા : ૯૮૬૯૩૩૮૮૦૮**

**નીલેશ મેઘજી પોલડીયા : ૯૯૨૫૮૫૩૬૮૦**

**એજ લિ. : શ્રી મેઘજી રામજી પોલડીયા ● શ્રી વેલજી લાલજી પોલડીયા**

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન

સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## શ્રી કચ્છી જૈન સમાજ અમદાવાદનો વાર્ષિકોત્સવ

શ્રી કચ્છી જૈન સમાજ અમદાવાદનો ૫૧ મો વાર્ષિકોત્સવ અમદાવાદ ખાતેના સમાજના ભવનમાં તા. ૨૨ સપ્ટેમ્બરના રોજ પરંપરાગત રીતે સ્વામીવાત્સલ્ય સાથે ઉજવાઇ ગયો.

અતિથિ વિશેષ તરીકે સીટી સિવિલ કોર્ટના ન્યાયમૂર્તિ શ્રી સતીશચંદ્ર વોરા અને નવનીત એજ્યુકેશનના શ્રી રાજુભાઇ ગાલા હતા.

સમાજના પ્રમુખ શ્રી અશોકભાઇ મહેતા એ આવકાર આપ્યો હતો અને મંત્રી શ્રી પ્રતાપભાઇ દંડે સમાજની પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો હતો.

ઉપપ્રમુખ શ્રી કાન્તીભાઇ સાવલાએ અને અતીથીઓએ વિવિધ પ્રવૃત્તિઓ અને સ્પર્ધાના વિજેતાઓને ઇનામ તરીકે શિલ્ડ અને પ્રમાણપત્રો આપ્યા હતા

મંગલમંદિર ના શ્રેષ્ઠ લેખોના વિજેતાઓ શ્રી કાંતિ ગોર અને શ્રી કેશુભાઇ દેસાઇનેપરીતોષિક અપાયા.

અન્ય વિવિધ સ્પર્ધાઓ જે વર્ષ દરમ્યાન યોજાઇ હતી તેના વિજેતાઓને દાતાઓ દ્વારા ઇનામો અપાયા હતા.

૧૭૦૦ જેટલા સમાજના પરિવારના સભ્યોએ સ્વામીવાત્સલ્ય નો લાભ લીધો.

## પરજાઉમાં પર્યુષણ ઉજવણી

પરજાઉમાં પર્યુષણ પર્વની ઉજવણી થઇ. કલ્પસુત્ર ૩૨૧ મણમાં લાભ લેનાર જયચંદ હંસરાજ લાલકા હા. શા તુષાર જયચંદર લાલકા, મહાલક્ષ્મી ઝુલાવવાનો - ૨૫૦૦૧મણમાં લાભ લેનાર શા લહેરચંદ હીરજી મેપાણી હા. શા નયન લહેરચંદ મેપાણી - મુલુન્ડ, મહાલક્ષ્મી પધરાવવાનો - ૧૫૦૦૧ મણમાં લાભ માતુશ્રી સોનબાઇ દામજી વિકમશી હા. શા હરેશ દામજી વિકમશી - અંજાર, વહાણ ઝુલાવવાનો લાભ - ૧૫૦૦૧ મણમાં વહાન પધરાવવાનો લાભ - ૧૫૦૦૧ મણમાં માતુશ્રી મલ્યાબેન શરદચંદ્ર દંડ હા. જયેશ શરદચંદ્ર દંડ-મુલુન્ડ,

કુલ સ્વપ્ન ધૃત મણ - ૧૨૧૧૯૩, કુલ ધૃતમણ - ૧૩૨૨૧૩

પારણું શ્રીમતી વૃંદાબેન દિપકભાઇ મેપાની ચેમ્બુરે ૫૦૧ મણ માં પધરાવેલ.

## શ્રી કુથુંનાથ મહિલા મંડલ, રાયપુર

પર્વ પર્યુષણ બાદ તા. ૨૦-૫-૨૦૧૩ ના શ્રી કુંથુનાથ મહિલા મંડલનીબહેનો ચૈત્ય પરિપાટી રૂપે રાયપુર થી નાસિક ટ્રેઇન દ્વારા રવાના થયેલ. નાસિકમાં રહેતા સૌ. ચેતનાબેન ખુશાલચંદ લોડાયા ના સહયોગથી બસ દ્વારા નાસિક થી દેવલાલીમાં વિરાજીત પ. પૂ. સાધ્વજી. શ્રી મ.સા. મહાપ્રજ્ઞાશ્રીજી આદિ ઠાણા ને વંદન કરેલ. ત્યાં આતિથિગૃહના


નૂતન વર્ષાભિનંદન

નવું વર્ષ સૌનું સુખ-શાંતિ સમૃધ્ધી અને સહકારભર્યું નિવડે એવી હાર્દિક શુભેચ્છા.

**અશોક શોમચંદ ઝવેરી**
**(વડાલા-વરાડિયા)**

**હિરા-ઝવેરાતના દરેક કાર્ય માટે**

**ફોન. ૦૯૮૨૧૧૪૪૩૨૪**
**૦૨૨ - ૨૪૧૨૨૮૬૪**



લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

- સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
- રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ડ સાડીઓ.

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, દાદર (ઈ), મુંબઈ - ૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯

**સંપર્ક: દિનેશ દેઢિયા - 92234 25676**

ભોજનશાલામાં સુંદર ભોજનની વ્યવસ્થા હતી. ત્યારબાન ઈગતપુરી અને અન્ય આવતા તીર્થો તથા ધર્મચક્રમાં દર્શન વંદન કરી શાહપુર તીર્થ (મુંબઈ) આવ્યા ત્યાં વિશ્રામ કરેલ. બીજે દિવસે દેરાસરમાં દર્શન-પૂજન બાદ ત્યાં વિરાજીત ક્ષેત્રપાલ દાદાના દર્શન કરેલ. પાછાં વળતા નાસિકનાં દેરાસરના અને બાજુમાં વણી તીર્થનાં પણ દર્શન કરેલ. સૌ. ચેતનાબેન ખુશાલચંદ લોડાયા-પરિવારે સંઘ પૂજન કરેલ અને સૌને પ્રભાવના આપેલ. આ પરિવારે કુંથઉનાથ મહિલા મંડળને પોતાનો સમય અને સહયોગ આપેલ એ બદલ મંડળ એમના આભાર અને અનુમોદના કરે છે. ત્યારબાદ ૨૨-૯ના રાત્રે નાસિકથી ટ્રેઇન માં રવાના થઇ બીજા દિવસે ૨૩/૩ના સાંજે મંડલની બહેનો સકુશળ રાયપુર પહોંચેલ. રાયપુર આવતાં સ્ટેશન પર શ્રી કુલીનકાન્ત ખેતશી જીવાણી દ્વારા યાત્રિક બહેનો પ્રભાવાના આપવામાં આવી.

## શ્રી ક.દ.ઓ. જૈન સંઘ, પુના

૧૫-૯-૨૦૧ના કાર્યક્રમ અમે ગતાંકમાં સામૂહિક ક્ષમાપના ઉપલક્ષ્યમાં યોજાયેલ પ્રગટ થયેલ સમાચારમાં ક્ષતિઓ થઇ હતી તે સુધારીને નીચે પ્રમાણે વાંચવા વિનંતિ : શૈક્ષણિક સન્માનના દાતાઓ લક્ષ્મીચંદ શીવજી રતાણી પરિવાર હસ્તે ચેતન રતાણી, જેઠાભાઇ નરશી લોડાયા પરિવાર હસ્તે દિનેશભાઈ લોડાયા અને દેવજી વીરજી નાગડા પરિવાર, સ્વામી વાત્સલ્ય દાતાઓ : લક્ષ્મીચંદ શીવજી રતાણી પરિવાર હસ્તે ચેતન રતાણી, પ્રવિણ ખેતશી કરુવા, સૌ. સરલાબેન ભરત લોડાયા, માતુશ્રી બાંયાબાઇ શામજી ખોના પરિવાર (સોનાવાલા), સ્તે હેમંત મોતા, માતુશ્રી લીલાવંતીસોમચંદ નાગડા પરિવાર હસ્તે જયો નાગડા, શરદ કાંતિલાલ નાગડા, રાયચંદ માલશી મોતા હસ્તે દુષ્યંત મોતા અને દીનેશ ચંપકલાલ ડાગ

## શ્રી અચલગચ્છ જૈન સંઘ (પુના)

પૂજ્ય મહારાજ સાહેબશ્રી હિતાગુણાશ્રી, શ્રી નિર્મિત ગુણાશ્રી તેમ શ્રી મહાવીર ગુણાશ્રી કનક-નિશ્રામાં પર્યુષણપર્વ દરમિયાન સુંદર અને અસાધારણ કાર્યક્રમનોની વણઝાર મંડાયેલ જેમાં સૌ ભાવના ખુશાલ મહેશ્વરી (જખૌ), શ્રી ખુશાલ લાલજી મહેશ્વરી (જખૌ), શ્રી ભરત નાગડા, શ્રી પિયુષ ગંગર તથા સૌ હીના સાવલાની પાંચ દિગ્દર્શકોની ટીમ દ્વારા જે છ કાર્યક્રમો સફળતાપૂર્વક ગુંથવણ અને સંકલન કરીને રજુ કરાવા હતા, તેની યાદી આ પ્રમણે (૧) ૯-૮-૧૩ નેમજીનો માપેરીયો (ધાર્મિક સંગીત સંધ્યા અને મહેંદી સાથ), (૨) ૧૧-૯-૧૩ નેમ રાજુલ (નૃત્યનાટિકા) (૩) ૧૩-૯-૧૩ કૌન બનેગા તત્વજ્ઞાની (સામાજીક જ્ઞાન અને ધાર્મિક ક્વીઝ) (૪) ૪-૯-૧૩ સત્વન સ્પર્ધા (પ્રભુજીની સંગીતમય આરાધના - સંગીતના વિવિધ વાજિંત્રો સાથ), (૫) ૫-૯-૧૩ : નાનાં બાળકો દ્વારા દીપ નૃત્ય અને બંજરી નૃત્ય, (૬) ૬-૯-૧૩ : કુમારપાળ રાજાની ભવ્યાતિભવ્ય સંવેદના અને સ્તવન સાથે મહાઆરતી)

## શ્રી અચલગચ્છકચ્છી જૈન સંઘ - યવતમાલ

મુંબઇ થી શ્રી આર્યરક્ષિત તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠમાંથી આ વર્ષ પર્વની આરાધના કરાવવા માટે બે આરાધક બહેનો આવેલ. પર્વમાં પોથી શ્રી વર્ધમાન શામજી ધરમશી એ પધરાવેલ. તથા પાણું શ્રી મણિલાલ લક્ષ્મીચંદ લોડાયા એ પધરાવેલ. બીજાના સપનાનું કુલ ધૃત ૨૬૦૦૦મણ થયેલ અને પર્વ દરમ્યાન કુલ ૪૭૦૦૦ મણ થી પ્થયેલ. છઠ્ઠના સંઘ તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવેલ. સાતમના શ્રી સંઘ દિગ્રસ મ.સા.ને વંદન કરવા ગયેલ. આ વર્ષે નાની તપસ્યાઓ થયેલ છે. સૌ ઇન્દુ ભરત લોડાયાએ અક્ષયનિધિ તપ પૂર્ણ કરેલ છે.

## વડોદરામાં વિવિધ આયોજનો

તા ૧૦-૧૦-૧૩ થી ૧૮-૧૦-૧૩ આસો માસની નવપદની શાશ્વત આયંબિલ ઓળીની આરાધના માતુશ્રી નવલબેન જેચંદ દામજી લોડાયા (જખૌ) વડોદરા પરિવાર તરફથી કરાવવામાં આવી. જેમાં ૮ જણાની ઓવી અને ૧૦૩ આયંબિલ થયેલ. તપસ્વી તથા દાતા પરિવારની ખુબ ખુબ અનુમોદના.

તા. ૧૯-૦૯-૧૩ તપસ્વી સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પુ.આ. ભગવંત શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.ના જન્મ દિવસ તથા ચૈત્ય પરિપાટી નિમિત્તે વડોદરાથી પાલીતાણા જાત્રાનો માતુશ્રી ઝવેરબેન કલ્યાણજી લોડાયા હ. રાજેશ્રી વર્ધમાન - વડોદરા પરિવારે લાભ લીધો ખુબ-ખુબ અનુમોદના.

વડોદરા શ્રી ક.દ.ઓ. જૈન યુવક મંડળ અને મહિલા મંડળના સંયુક્ત આયોજીત શરદ પૂનમ ૨૦૧૩ નો પ્રોગ્રામ તા. ૧૯-૧૦-૧૩ શનિવારના રોજ કેડીઓ ભવનમાં રાસ-ગરબા હરીફાઈ સાથે ઉત્સાહ પુર્વક ઉજવાયો. વિધિ પનપારીયા, જૈનિશ લાલકા, પ્રાજલ

શાહ, જૈનમ લાલકા, ડીમ્પલ નાગડા, સીધ્ધી મોમાયા, મુક્તિ દંડ, ધ્રુવિ દંડ, અમીષા દંડ, માધવી જીવાણી, હંસાબેન નાગડા, હંસાબેન લોડાયા તથા નરેન્દ્ર મોમાયાને વિવિધ હરીફાઈમાં વિજેતા ટ્રોફી અર્પણ કરવામાં આવી.

સમગ્ર પ્રોગ્રામના દાતા મે. સીલ્વર હોજીયરી, મે. ચંદન રોડલાઈન્સ, ભક્તિ હરેશ લોડાયા, માતુશ્રી વેજબાઈ ભારમલ, માતુશ્રી હિમાબાઈ નવીનભાઈ ધરમશી, માતુશ્રી સારબાઈ હીરજી ખોના, પ્રફુલ્લ શામજી લોડાયા તથા ઋષભ રતીલાલ પનપારીયા પરિવારની ખુબ ખુબ અનુમોદના.

તા. ૨૧-૧૦-૧૩ શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન યુવક મંડળ-વડોદરા આયોજીત મહાયાત્રા તીર્થરાજ શીખરજી માટે વડોદરા સંઘના ૧૨૦ સાધર્મિક શ્રાવક / શ્રાવિકા માટે યાત્રાની વિશેષ જાણકારી માટે કેડીઓ ભવન માં શ્રી ચંદ્રેશ પદમશી છેડા એ યાત્રાના નિયમો તથા તકેદારીની રૂપરેખા આપી તથા યુવક મંડળ તરફથી યાત્રા ગાઈડ, રેલ્વે ટીકીટ માહીતી સહીત ફોટો આઈ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું. સમગ્ર યાત્રાના દાતા કચ્છ લાલા ગામના ખમીરવંતા પાણી, મહારાષ્ટ્ર ડીગ્રસના સંસ્કાર અને સૌમ્ય વડોદરાને કર્મભુમિ બનાવનાર સંઘભાવના ની મિશાલ એવા સંઘમાતા માતુશ્રી નિર્મલાબેન કુંવરજી લાલકા પરિવારની તથા યાત્રીકો ની મંડળના પ્રમુખ વીપેશ પનપારીયા, સેક્રેટરી નરેન્દ્ર મોમાયા તથા ખજાનચી કમલેશ નાગડાએ ખરા અંતઃકરણથી અનુમોદના કરી તથા શ્રી ક.દ.ઓ. જૈન સમાજ ના કારોબારી ટ્રસ્ટી મુકેશ માણેકજી લોડાયા એ યુવક મંડળના કાર્યકર્તાના સુંદર આયોજન તથા સફળ યાત્રા માટે સમાજ વતી શુભેચ્છા આપી.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન ગદગ**

આસો માસની (કાયમી) આયંબિલની ઓળી આસો સુદ ૭, ૧૦-૧૦-૧૩ થી આસો સુદ પૂનમ, ૧૮-૧૦-૧૩ સુધી મમુબાઈ વેલજી નાગડા તરફથી કરાવવામાં આવી હતી. આ ઓળીમાં ૩૧


**અસલ કલા-કસબનો સમન્વય**

**જ્યોતિ** સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો
પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઇનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઈ- ૦૨. Tel. : 22413995 / 22402786

**સહારા ડેવલોપર્સ**

**અનોખી તથા અનેરી યોજના પસંદગી પ્રમાણે પ્લોટ.**

**સહારા ગ્રીન વ્યુ પ્રોજેકટ :** પ્રાથમિક સુવિધાઓ સાથે ટાઉનશીપ

■ આકર્ષક મુખ્ય પ્રવેશ દ્વાર સિક્યુરીટી કેબીન સાથે ■ સમગ્ર ટાઉનશીપની ફરતે સુરક્ષા માટે કમ્પાઉન્ડ વોલ. ■ ટાઉન શીપની અંદર સી.સી.રોડ ■ સુવિકસીત આતંરિક સી.સી. રસ્તાઓ ■ લાઈટ-પાણીની સુંદર સગવડ ■ મુખ્ય પ્રવેશ દ્વાર જોઈન રોડ એટેચ ■ વિકસિત નગર ■ વિકસિત બગીચા ■ ચિલ્ડ્રન પાર્ક

**અમારા અન્ય પ્રતિષ્ઠીત પ્રોજેક્ટો**

■ રામાણીયા મધ્યે યક્ષ સોસાયટી ■ નલીયા મધ્યે સહારા નગર
■ નેશનલ હા.નં. ૮ નલીયા વેલકમ પાર્ક
■ વાયોર સન સાઈન પાર્ક આયોજીત આંજન સિમેન્ટ ની સાથે

■ માસિક હપ્તા થી. બુકીંગ ચાલુ છે. ■ દર મહીને આર્કર્ષક ઈનામો તો ખરાજ

કોન્ટેકટ : કેશવજીભાઈ મારૂ - 9819885305 / સરલાબેન મારૂ - 9892888833

સંપર્કના સેતુઓ - 9967322069/ 9987066020/9323339401
9820940796/9867496300/ 9892417794

■ ડિસ્કાઉન્ટ માટે ખાસ ઓફર ■ વહેલા તે પહેલાનાં ધોરણે રહેશે
■ એક સાથે વાધા હપ્તા ભરનાર ને હસ્તાવેજ તથા પસંદગી પ્રમાણે પ્લોટ મલશે.

લાભાર્થીઓએ સહ પ્રાયોજકો તરીકે યોગદાન આપ્યું હતું. ૨૧ ભાઈ-બહેનોએ આખી ઓળીની (૯ આયંબિલ) તપસ્યા કરી હતી. કુલ ૨૬૦ આયંબિલની તપસ્યા થઈ હતી. આખી ઓળીની તપસ્યા કરનાર સર્વે તપસ્વીઓને મહાજનશ્રી તરફથી રૂ. ૧૦૦/- શ્રીમતી ઉષાબેન હરીશ મુનવર તરફથી રૂ. ૫૦, શ્રીમતી જેઠીબાઈ ખીમજી વીરા તરફથી રૂ. ૫૦, શ્રી પ્રદીપ વેરશી સાયલા (વાપી) તરફથી રૂ. ૫૦ તથા શ્રીમતી નિશાબેન નલીન મોતા તરફથી રૂમાલની પ્રભાવના આપવામાં આવી હતી. મહાજનશ્રીનાં પ્રમુખ શ્રી નવીનચંદ શામજી લાલકા તથા સેક્રેટરી શ્રી સતીશ પ્રવીણચંદ લુઠીયાએ પ્રાસંગિક પ્રવચન કરી સર્વે સહ પ્રાયોજકો, આયંબિલની વ્યવસ્થા સંભાળનાર શ્રીમતી વિમલાબેન સંજય મોતા તથા મદદરૂપ થનાર સર્વે કાર્યકર્તાઓનો આભાર માન્યો હતો.

## શ્રી ક.દ.ઓ. જૈન મહાજન, આણંદ

રવિવાર ૦૬-૧૦-૨૦૧૩ ના શ્રી કિશોરભાઈ લોડાયાના નિવાસસ્થાને બપોરના ૩ થી ૬ દરમ્યાન શ્રી મહાકાળી માતાજીની ભાવના ભણાવવામાં આવેલ. આ પ્રસંગે આણંદના જ્ઞાતિજન તથા નડીયાદના શ્રી મહેન્દ્રભાઈ મોતા પણ પધારેલ. ત્યારબાદ સમૂહમાં મિચ્છામિ દુક્કડમના કાર્યક્રમમાં જ્ઞાતિજનોએ એ એક બીજાને ખમાવીને ક્ષમા માંગી હતી.

તે પછી શૈક્ષણિક અભિવાદન હેતુસર સરસ્વતી સન્માન કાર્યક્રમમાં ડો. ઠાકરશીભાઈ મૈશેરીએ અત્રે અભ્યાસ કરતા વિદ્યાર્થી ઓનાં પરિચય કરાવ્યા હતા. જેમાં દેર્શન હિરેન લોડાયા એબી. એસ.સી. (એગ્રી)ના ત્રીજા સેમીની અંતિમ પરિક્ષામાં ડીસટીન્કશન ગુણ મેળવ્યા હતાં. ૨. વિમલ પ્રકાશ લોડાયા એ બી.સએસ.સી. (હોર્ટી)ના બીજા સેમીની અંતિમ પરીક્ષામાં ડીસટીન્કશન ગુણ મેળવ્યા હતા. આ લાઈનમાં પ્રવેશ મેળવનાર જ્ઞાતિમાં પ્રથમ છે. ૩ જલ્પા પ્રકાશ લોડાયા બી.એસ.સી. (એગ્રી)ની પ્રથમ સ્નાતક (જ્ઞાતિમાં પ્રથમ મહિલા કૃષિ સ્નાતકે) બે વર્ષનો એમ. એસ.સી. (એગ્રી) અભ્યાસ કરી કિટકશાસ્ત્ર વિષયમાં જ્ઞાતિની પ્રથમ અનુસ્નાતક કૃષી મહિલા બનીને હાલમાં કિટકશાસ્ત્ર વિષયમાં પી.એચ.ડી.નો અભ્યાસ કરીને જ્ઞાતિમાં પ્રથમ કૃષિ મહિલા ડોકટર બની જ્ઞાતિ અને સમાજનું ગૌરવ વધારશે. ૪. નિરાલી મુલચંદ દંડ એ બીઝનેસ સ્કુલ અમદાવાદ ખાતેથી બે વર્ષનો એમ.બી.એ અભ્યાસ ડીસટીન્કશન સાથે પદવી હાસલ કરી છે. તેને પેપસીકો ઈન્ડીયા માટે 'બેસ્ટ સમર પ્રોજેક્ટ' નો એવોર્ડ પણ મળેલ છે. ૫. અભિષેક મુલચંદ દંડ એ ધોઃ ૧૦માં ૮૫% ગુણ મેળવીને શાળામાં અગ્રસ્થાન પ્રાપ્ત કરેલ છે. તેને શાળામાં ઉત્તમ કારકીર્દી બદલ પણ એવોર્ડ મળેલ છે. ૬. દીપલ રોહન કુમાર ભટ્ટ એ એમ.એસ.સી (એમ.અલ.ટી) કર્યા બાદ કરમસદ મેડીકલ કોલેજમાં વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવે છે ને હાલમાં નોકરી સાથે પી.એચ.ડી (માયક્રોબાયોલોજી)નો અભ્યાસ પણ કરી રહી છે. ઉપરોક્ત તમામ વિદ્યાર્થીઓને તાળીઓથી વધાવી તેમની શૈક્ષણિક ક્ષેત્રે ઉત્તમ કારકીર્દી મેળવ્યા બદલ સમાજે અનુમોદના કરી નવાજ્યા હતા. ત્યારબાદ મહાજના પ્રમુખશ્રી નિતીનભાઈ ધરમશી એ મહાજનની પ્રવૃત્તીઓનો આછો ખ્યાલ આપ્યો અને આગામી કાર્યક્રમની માહિતી આપી હતી.

અંતમાં અલ્પાહારનો આનંદ માણી શ્રી કિશોરભાઈઓ પરિવારનો આભાર માની, મહાકાલી માતજીની જય બોલાવિ છુટા પડયા હતા.

## શ્રી પ્રબોધ મુનવરને વોકેશનલ રોટરી ઈન્ટરનેશનલ એવાર્ડ અર્પણ કરાયો

ભુજ શહરે અને સમગ્ર કચ્છમાં થઈ રહેલ માનવસેવા અને વદયાની પ્રવૃત્તિઓ બદલ

નવરાત્રી મહોત્સવ દરમ્યાન રોટરી ક્લબ ભુજ દવારા શ્રી પ્રબોધ મુનવરને રોટરી ઈન્ટરનેશનલ વોકેશનલ એવોર્ડ બોર્ડરવિંગ ડી.આઈ.જી. શ્રી એ.કે. જાડેજી તથા રોટરી ફ્લેમિંગો અધ્યક્ષ ડો. જ્ઞાનેશ્વર રાવનાં વરદ હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. વિશાળ સંખ્યામાં ઉપસ્થિત લોકોએ સંસ્થાની પ્રવૃતિઓને બિરદાવી હતી.

## શ્રી અનંતનાથ કોમ્પલેસ કાંજુરમાર્ગ

નવરાત્રિ દરમ્યાન દરરોજ બપોરે મહાકાલી માતાજીની ભાવના ભણાવવામાં આવેલ આસો. માસની શાશ્વતી આંયબીલની ઓળીના લાભાર્થી માતુશ્રી રતનબાઈ ત્રીકમજી મોતા સુથરી - હાલ મુલુન્ડવાલાએ લીધેલ. આંયબીલની ઓળીનું આપોજન તરા વ્યવસ્થા શ્રી અનંતનાથજી મહિલા મંડળ કાંર્જુરમાર્ગ એ સારી રીતે સંભાળેલ. તપસ્વીઓએ બહોળી સંખ્યામાં લાભ લીધેલ. લાભાર્થી પરિવારે શ્રી અનંતનાથજી મહિલા મંડળનો આભાર માનેલ.

## બાંઢીયામાં પહેડીઓ ઉજવાઇ

બાંઢીયામાં બીરાજમાન શ્રી આશાપુરામાં તથા ખેતરપાળ દાદાજીની આઠમી સમુહ પહેડી ૨૦-૧૦-

૨૦૧૩ ના રોજ રાસ-ગરબાની રમઝટ સાથે બહુજ સારી રીતે ઉજવાઈ. મહેબુબનગર, જાલના, જલગાંવથી ભાવિકો પધારેલ.

આવતા વરસની નવમી સમુહ પહેડીનના દાતાશ્રી માતુશ્રી વેલબાઈ કલ્યાણજી મૈશેરી ગામ જખૌ એ લાભ લીધેલ છે.

**શ્રી ડાઘા મોમઈ મા મિત્ર મંડળ - વરાડીયા**

**C/o. શ્રી લહેરચંદ રતનશી ડાઘા,**
L/54 ડ્રીમ્ઝ ધ મોલ,
લાલ બહાદુર શાસ્ત્રી માર્ગ, ભાંડુપ (વે),
મુંબઈ - ૪૦૦ ૦૭૮. મો. ૯૮૨૦૪૩૮૬૩૯

## શ્રી દાદા ભલારાને નમતા સર્વે ભાવિકો જોગ

વરાડીયામાં સ્થાનિકે શ્રી દાદા ભલારાના સ્થાનની જુની જગ્યા વેચાતી લઈને ત્યાં શ્રી દાદા ભલારાનું નુતન દેવાલય નિર્માણકાર્ય મંડળે હાથ ધર્યું છે.

શ્રી દાદા ભલારાને નમતા સર્વે ભાવિકજનોને આ નિર્માણકાર્યમાં સાથ સહકાર આપવા નમ્ર અપીલ કરીએ છીએ. મંદિર નિર્માણનો અંદાજીત ખર્ચ રૂપીયા બાર લાખ જેવો થાય તેમ છે.

તો આપનો યથા શક્તિ ફાળો રોકડ કે ચેક રૂપે જરૂરથી ઉપરના સરનામે મોકલવા નમ્ર વિનંતી છે. (ચેક આ નામે લખવો : "Shri. Dagha Momai Maa Mitra Mandal Varadia")

**સંવત-૨૦૭૦ના ચૈત્ર મહિના પહેલાં આ કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.**

બાદ વરાડીયાની ડાઘાકૂળ દેવી શ્રી મોમઈ મા ને નમતા સર્વે ભાવિકોને જણાવવાનું કે **આવતી પહેડી (સળંગ ૨૨મી પહેડી) નો લાભ લેનાર ભાગ્યશાળી દાતા છેઃ માતુશ્રી જયાબેન ધનજી પાસ્વીર ડાઘા પરિવાર હસ્તે. શ્રી હરીશભાઈ ડાઘા.**

**પહેડી તા. ૦૨.૦૨.૨૦૧૪ ને રવિવારના અનંતસિધ્ધિ - ભાંડુપ ખાતે યોજેલ છે.**

પહેડી - પ્રસાદનો લાભ લેવા આપ સહુને આગોતરું આમંત્રણ આ સાથે પાઠવીએ છીએ.

***- શ્રી ડાઘા મોમાઈમાં મિત્ર મંડળ-વરાડીયા***

## મ-ખ્યો ભાવર મુંજા ઈ ઝેરીલો નસાઈ ગુટકો..!!




*આદત પે તેં પેલા ચેતી*
*વિનો ભા,*
*નિકાં પોજાઈધો સમશાનમેં ઈ ગુટકો.*

*શરૂઆત મેં સ્વાદથી લલચાઈધો,*
*ને પોય જીવનમેં ભટકાંઈધો રોંધો ઈ ગુટકો.*

*જ ન વરી શકાજે પાછા, ત લગી વિને ઈનજે*
*નસેજો ભારી ઈ ચટકો,*

*ખબર નંઈ પે ને લગધો રોંધો સદાંઈ,*
*ઈન ચટકે ગુટકેજો ફટકો,*

*દંધ ફિટધાને નિકરધો ઈન મીંજાથી સટકો,*
*ને મથા કેન્સર જો લગધો ઝટકો*

*તડેં ભુલી કરે પણ મ-ખ્યો ભાવર મુંજા,*
*ઈ જભરો ઝેરીલો નસાઈ ગુટકો*

*ભારતમેં ત ખાધે જેળો ઘણો આય,*
*ત ખાઈ-ખાઈ અંઈ કુરો ખ્યો ઈ ગુટકો?*

*ના રેના ઈત વિનાય છડીંધો અણમોલ*
*જિંદગી,*
*માટે પટકો રે પટકો ઈ ગુટકો,*

*અજથી પંદરો વરે પહેલા,*
*પંદરો વરે સુધી મું ખાધો વો ગુટકો*

*તડેં વૈધ ભચાય ગિણા મુંકે ને,*
*પંદરો વરેથી મું ભંધ ક્યો ઈ ગુટકો*

*અજ એકુંતેર વરે મેં જીવાંતો*
*જવાની જેળી જિંધગી*
*ખાધે વિગર ઈ ગુટકો!*

*જ અંઈ ખાંઈધાવો જીવલેણ ગુટકો,*
*ત અવદશા થીયે તેનું મોર ભંધ ક્યો ઈ ગુટકો*

*રશ્મિન ચેં ગુટકેથી ભલા દૂર રોણું ખાસો,*
*ઈન કુરા વેંધે અંઈ અટકો*

*ગુટકો ખેંધલેંકે પ અટકાયો ને પિંઢ પણ*
*અટકો, ન-ખ્યો ઈ કાંસાઈ ગુટકો*

***- રશ્મિન ખોના, મુંબઈ***

## નવા/બદલાયેલા સરનામા– (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **ચંદ્રકાંત કે ભાટે** | કે/ઑ. રિલીફ ફાર્મા, પ્લોટ નં. એફ-૪/૨, એમ.આય.ડી.સી. અહમદનગર - ૪૧૪૧૧૧ |
| **પરાગ પ્રફુલ્લ રતિલાલ નાગડા** | બી/૪૨, શ્રીકૃષ્ણ ધામ, કો.ઓપ.સો., બૅંક ઓફ બરોડાની પાછળ, વીણા નગર, એલ.બી.એસ.માર્ગ મુંબઈ - ૪૦૦ ૦૮૦. |
| **શાંતિલાલ મુલજી લાલકા** | ૧, અનુંબધ ઍપાર્ટમેંટ, ૧૩ બગીરથી કૉલોની, જલગાંમ - ૪૨૫ ૦૦૧. |
| **શતિષ કે. લોડાયા** | ૧૨ કુંદાબાઈ મ્હાત્રે ચાલ, સંતોષીમાતા મંદિર પાછળ, કોપર રોડ, ડોંબિવલી વેસ્ટ, ૪૨૧૨૦૨ |
| **શરદ લાલજી શાહ (શિયાળ)** | ૩ ગૌરવ એપાર્ટમેન્ટ, ૧લા માળે, અશોક નગર, નાહુર વીલેજ રોડ, મુલુંડ વેસ્ટ ૪૦૦૦૮૦ |
| **મુલજી માણેકજી લોડાયા (શાહ)** | બી. ૬૦૧/૬૦૨, શિવશરણ કો.ઓપ.સો., બિલ્ડીંગ નં. ૧૧૨, થાણાવાલા હોલની આગળ, આર.એસ.મણિ સુપર માર્કેટ, સામેની લેન, તીલકનગર, ચેંબુર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૮૯ |

## નવા/બદલાયેલા ફોન નંબર

| | |
|---|---|
| **ચંદ્રકાંત કે . ભાટે અહમદનગર** | 0241-2777707/09225239225 |
| **મુલજી માણેકજી લોડાયા** | 09324208963 |
| **રાહુલ મુલજી લોડાયા** | 09820019380 |
| **શરદ લાલજી શાહ (શિયાળ)** | 09321336613 |
| **પરાગ પ્રફુલ નાગડા મુલુંડ** | 08450959895 |
| **નેહલ પરાગ નાગડા મુલુંડ** | 08450959896 |
| **તૃપ્તિ રાહુલ લોડાયા** | 09323019380 |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦.૧૦.૧૩ | પુસદ | ભુમી/દિપ્તી સુરજ બીપીન ધરમશી | સુથરી | પુત્રી |
| ૧૫.૧૦.૧૩ | ડોંબિવલી | સારવ સમીર અરવિંદ કુંવરજી લોડાયા | સુજાપર | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭.૧૦.૧૩ | કોચીન | દિપેશ નિતીન દેવશી ખોના | નલિયા | ૨૯ |
| | હુબલી | વૈશાલી મહેશ નવિનચંદ્ર ખોના | મોટી ખાવડી | ૨૪ |

### આંતર જ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭.૧૦.૧૩ | કોચીન | હનીષ નિતીન દેવશી ખોના | નલિયા | ૨૬ |
| | કોચીન | રોશની અશ્વિન મુલજી સાકરાની | માંડવી | ૨૬ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫.૧૦.૧૩ | નાંદેડ | રેખાબેન હિમંતલાલ લિલાધર લાપસીયા | દલતુંગી | ૪૬ |
| ૨૬.૧૦.૧૩ | આકોલા | ગુણવંતી શાંતિલાલ દામજી દંડ | લુણી | ૭૮ |
| ૨૭.૧૦.૧૩ | સિહોર | ધનજી દામજી રતનશી મૈશેરી | લાલા | ૮૧ |
| - | ડોંબિવલી | રતિલાલ ડુંગરશી રાયશી મૈશેરી | જખૌ | ૮૪ |
| ૩૦.૧૦.૧૩ | ઘાટકોપર | તલકચંદ શામજી વિરજી ખોના | સાયરા | ૬૫ |
| ૩૦.૧૦.૧૩ | ડોંબિવલી | સોનબાઈ ચાંપશી વિરઘોર મોમાયા | નલીયા | ૯૨ |
| ૩૧.૧૦.૧૩ | વસઈ | નિર્મળાબેન પ્રબોધચંદ્ર રતનશી ગાલા | મંજલ | - |

**સુચના : અંકો મોડા મળતા હોય કે ન મળતા હોય કે એક સાથે બે-ત્રણ અંકો મેળતા હોય તો સ્થાનિક પોસ્ટ ઓફિસમાં લેખિત ફરિયાદ કરી, મુંબઈ જી.પી.ઓ.ને તેની એક નકલ મોકલવી. પોસ્ટ ખાતાની બેદરકારી તથા નિષ્ક્રિયતા અંગે અન્ય પ્રકાશનોની જેમ અમે પણ લાચાર છીએ. જ્ઞાતિજનોએ મોકલેલ લેખો કે ચર્ચા પત્રોના સ્વિકાર - અસ્વિકાર બદલ કે અન્ય સુચન - ફરિયાદ બાબતે પત્રવ્યવહાર શક્ય નથી. - વ્યવસ્થાપક**

**ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષાની ઈ-મેલ આય.ડી બદલાય છે**
**હવેથી ઈ-મેલ** kdoprakash@gmail.com **પર મોકલાવા.**

Please Note New Email ID of C.D.O. Prakash Samiksha : Email : kdoprakash@gmail.com

# દ્વિતીય પુણ્યતિથિએ ભાવભીની શ્રધ્ધાંજલિ

જન્મ
તા.૨૨-૩-૧૯૪૫



અરિહંતશરણ
તા.૨-૧૧-૨૦૧૧

## સ્વ. અ.સૌ. હંસા ખેમજી મોતા

(વારાપધર-ભાટાપારા)

જીવન એવું જીવી ગયા જે કદી ભૂલાય નહી.
વિદાય એવી લીધી જે કદી વિસરાય નહી.
પણ મોક્ષ પંથે જનારને કોઈથી રોકાય નહી!
વર્ષ વિત્યું તમારી વિદાયને, પણ તમારો સ્નેહ,
તમારા સંસ્કારો, હરપળ યાદ આવે છે, ને જીવંત રાખે છે તમારો સહવાસ..
મુશ્કેલીમાં પણ હિંમત ટકાવી, શીખવે આગળ વધવું...
આપનો પરોપકારી સ્વભાવ અને કુટુંબ પ્રત્યેની પ્રેમભાવના
ધર્મમાં જે લીનતા હતી, એ જોવા મળતી હતી
પ્રભુ આપના આત્માને પરમ શાંતિ આપે
તેવા ભાવપૂર્વક શ્રધ્ધાંજલિ સુમન અર્પણ કરીએ છીએ...

### ભાવભરી શ્રધ્ધાંજલિ

સાસુજી-સસરાજી : સ્વ. દેકાબાઈ નેણશી મોતા પરિવાર
મામી સાસુજી : વેલબાઈ મેઘજી ધરમશી
જીવનસાથી : ખેમજી નેણશી મોતા
પુત્રી-જમાઈ : અ.સૌ. સંગીતા રાજેશ લોડાયા (ધમતરી)
પુત્ર-પુત્રવધુ : અ.સૌ. તેજલ કમલેશ મોતા ● અ.સૌ. પ્રિતી ભુપેશ મોતા
અ.સૌ. દક્ષા મનીષ મોતા ● અ.સૌ. રુપાલી લિતેષ મોતા
પૌત્ર-પૌત્રી : ચિ. બ્રિજેશ, દર્શન, અમન, કુશલ, મોક્ષ અને કુ. વંશિકા
દોહિત્રા : ચિ. વિરલ અને સાગર
માતા-પિતા : સ્વ. દેકાબાઈ રાયચંદ શિયાડ (સુજાપર)
ભાઈ-ભાભી : અ.સૌ. તરલા રતિલાલ શિયાડ (મસ્જીદબંદર)
બેન-બનેવી : સ્વ. રતનબેન વર્ધમાન દંડ (બારસી)
અ.સૌ. વર્ષા નવીન લોડાયા (ડોંબિવલી)

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 , day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**
**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**
C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)
**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**
Asia's First ISO 9001:2000 Certified Gin Press




અમારા આ સર્વે
કાયમી શુભેચ્છકો
વતી
દિપોત્સવ અને
નુતન વર્ષ ની
શુભકામનાઓ

શુભેચ્છાસહ.....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.

શુભેચ્છાસહ.....
*Laxmichand Dharshi Mota*
**MOTA SHIPPING AGENCY**
**C.H.A.No.11-0404**

શુભેચ્છાસહ.....
**શીતલ કોટન ટ્રેડર્સ**
શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર
(રંગપુર-કોઇમ્બતુર)

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
**9323360708/25903514-5-6**
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

**નુતન વર્ષ ની શુભેચ્છા**

નુતન વર્ષ નો પ્રારંભ શુભ સંકલ્પથી કરવો જોઈએ. સતત બદલાતા રહેતા જગતમાં કઈ વસ્તુમાં અંગે બદલાવવું અને કયા મુલ્યો પ્રાણાંતે જાળવવાનો વિવેક કેળવવાનો સંકલ્પ શ્રેષ્ઠ સંકલ્પ છે.

- તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001. Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI (Owner)** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**